પ્રશ્નોત્તર રૂપે બાળોપયોગી સરળ

સૃષ્ટિજ્ઞાન

અથવા

પદાર્થપાઠ.

(ધોરણ ત્રીજા માટે.)

રચનાર

મણિલાલ મૂળજીભાઇ ઉપાધ્યાય.
બુકસેલર—પેટલાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મણિલાલ મૂળજીભાઈ ઉપાધ્યાય,
બુકસેલર—પેટલાદ.

આવૃત્તિ ૫ મી. પ્રત ૩૦૦૦

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

કીંમત ૦-૧-૦.

રાજગીત.

શ્રી પ્રભૂ આપો દીર્ઘ આયુ, શ્રી સયાજી મહારાજ નૃપતિને.
શાન્તિ દાતા એ નૃપનું સુરાજ્ય જગતમાં અચલ રહો,
કીર્તીવંત વિશ્વમાં થજો.
ભાગ્યશાળી નૃપતિ સદાએ ગણાજો, હે વિશ્વાધીપતિ,
આરોગ્ય નૃપતિને સારૂં આપજો સૌખ્યમાં,
સર્વદા એ ભૂપતિ વસો, શત્રુઓ સૌ નાશ પામજો.
અચલ અમલ ન્યાય થકી નિજ પ્રજા,
પ્રતિદિન પ્રતિપાલન નૃપ કરજો.
નીતિમાન, ગુર્જરાધીપતિ, અમર તપો, વિભો !
સંપતિ, સંતતી, સન્મતી, સત્કૃતિ, સૌ એ ભૂપને આપજો.

પ્રશ્નોત્તર રૂપે બાળોપયોગી સરળ

સૃષ્ટિજ્ઞાન

અથવા

પદાર્થપાઠ.

(ધોરણ ત્રીજા માટે.)

રચનાર

મણિલાલ મૂળજીભાઇ ઉપાધ્યાય.
બુકસેલર—પેટલાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મણિલાલ મૂળજીભાઈ ઉપાધ્યાય,
બુકસેલર—પેટલાદ.

આવૃત્તિ ૫ મી. પ્રત ૩૦૦૦
સંવત ૧૯૭૫ સને ૧૯૧૯

કીંમત ૦-૨-૦.

શ્રી "ભાગ્યોદય" પ્રિન્ટીંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર
દવેએ છાપ્યું. ખાડીઆ—અમદાવાદ.

પ્રસ્તાવના.

શિક્ષકોએજ અમુક તરેહની શિક્ષણપદ્ધતિ ઉપજાવી કાઢેલી હોય છે, અને તેઓ ઘણા વિદ્વાનોના ઘણા સમયના મતને પોતાના અનુભવ સાથે જોડી શિક્ષણપદ્ધતિ માટે અમુક માર્ગ દર્શાવે છે, એ વાત પૂર્ણ શ્રદ્ધાપૂર્વક સ્વીકારી તેમને પગલે ચાલવું એજ આપણું સામાન્ય પંક્તિના શિક્ષકોનું કર્તવ્ય છે. અભ્યાસક્રમમાં અમુક અમુક વિષયો દાખલ કરવાના હેતુ સમજ્યા વિના તેના અભ્યાસ માટે લીધેલો શ્રમ કેટલેક અંશે નિષ્ફળ થવા સંભવ છે. માટે પ્રથમ તો વિષય શિખવવાનો હેતુ સમજવો જોઈએ. નાનાં બાળકોને હેતુ જાણવાની જરૂર નથી, પરંતુ શિક્ષકે તો અવશ્ય તેનાથી વાકેફ થવું જોઇએ. પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમમાં પદાર્થપાઠનો વિષય દાખલ કરવાનો હેતુ બાળકોની અવલોકનશકિત કેળવી તર્ક, તુલનાદિ ઉમદા શકિતઓનો વિકાસ કરવાનો છે. જે જે પાઠો તેમને શિખવવામાં આવે તે બહુજ ચોકસાઇથી, કાળજીપૂર્વક અને વ્યવસ્થિત રીતે શિખવવામાં આવે તોજ એ હેતુ સર્વાંશે સફળ થાય. પાઠ માટે જોઇતા સાહિત્યનું શિષ્યવર્ગ સમક્ષ પ્રદર્શન કર્યા વિના શિક્ષક પુસ્તકમાંની હકીકત વાંચી જાય અને શિષ્ય તે સાંભળી યાદ રાખે અને તે પ્રમાણે ગોખી નાંખે તેથી કંઇજ કલ્યાણ સધાતું નથી. પરંતુ એથી તો ઉલટો બાળકોનાં કુમળાં મગજપર નાહક બોજો પડે છે. આથી બહેતર છે કે પદાર્થપાઠો ઓછા શિખવવા, સવડ પડતા શિખવવા, પણ શિક્ષણપદ્ધતિ અને તેના ઉદ્દેશને તિલાંજલિ આપીને તો ન જ શિખવવા. એવા પાઠો શિખવ્યા અગાઉ "શિક્ષણશાસ્ત્ર" જેવાં ઉપયોગી પુસ્તકોમાં તે વિષય સંબંધી જે સૂચના

કરવામાં આવી હોય તે ધ્યાનપૂર્વક વાંચીને પૂર્ણું મનન કરવું જોઇએ. કેટલીક વખત એવું બને છે કે શિક્ષણપદ્ધતિથી વાકેફ એવા સારા શિક્ષકો પણ પ્રદર્શન કર્યા છતાં પદાર્થને લગતી હકીકતો પોતે ભાષણરૂપે કહી જાય છે, તે બિલકુલ ઇષ્ટ નથી. "શિક્ષકે થોડું કહેવું અને શિષ્ય પાસે ઘણું કહેવડાવવું" એ શિક્ષણના મહાન સૂત્રને નિરંતર ધ્યાનમાં રાખી પદાર્થોના અવલોકન ઉપરથી બાળકો પાસે પદાર્થના ગુણદોષ કઢાવવા અને એ રીતે તર્કશક્તિની ખીલવણીનો માર્ગ ખુલ્લો કરી અને મુકાબલો કરાવી તુલનાશક્તિને પોષણ આપવું. **અસ્તુ.** આ જાતની શિક્ષણપદ્ધતિ પર આવાં નોટરૂપ પુસ્તકો પાણી ફેરવે છે, એમ કહેવાય છે તે છેક અસત્ય નથી; પરંતુ આ નોટના લેખકનો હેતુ એવો ન હોવો જોઈએ—અને હું ધારૂં છું કે એવો નહિજ હોય કે એમાંના સવાલ જવાબો બાળકોને ગોખાવી વગર સમજ્યે મોંઢે કરાવવા; પરંતુ વાચન પુસ્તકમાંના પાઠો યોગ્ય પદ્ધતિસર શીખવ્યા પછી પુનરાવર્તન તરીકે તેનો ઉપયોગ કરવો એજ ઇષ્ટ છે.

અનુભવી શિક્ષકો જોઇ શક્યા છે કે જુદા જુદા સ્વરૂપે સવાલો પૂછી બાળકો પાસે ચોકસ શબ્દોમાં જવાબ લેવાથી બાળકોનો સામાન્ય જ્ઞાન સાથે ભાષા ઉપર પણ કાબુ આવતો જાય છે. આવી નોટોથી એ હેતુ કેટલેક અંશે સફળ થઇ શકે એમ આ પ્રસ્તાવનાનાં લેખકને લાગે છે; અને એજ હેતુ લક્ષમાં લઇને નોટને ખાસ અગત્યના ફેરફાર સાથે કહો કે મૂળરૂપેજ ત્રીજા ધોરણની નોટમાંથી પુનર્મુદ્રિત કરવાની હોવા છતાં "પુરવણી" રૂપે થોડક સવાલ જવાબો આપી માર્ગ દર્શાવ્યો છે. અધ્યાપકો તેનો સદુપયોગ કરશે એવી નમ્ર પ્રાર્થના છે.

નોટના આરંભમાં પાઠવાર સાહિત્યોની યાદી આપી છે, તે અરે જોતાં વિદ્યાર્થીઓ કરતાં શિક્ષકોને વિશેષ ઉપયોગી હોવાથી દરેક પાઠ સાથે ન જોડતાં જુદી આપી છે.

અનુભવ ઉપરથી મને જણાયું છે કે એક ઉપલા ધોરણોમાં પહોંચતાં સુધી પણ કેટલાક વિદ્યાર્થીઓને ઘડીઆળ જોતાં આવડતું નથી. અથવા અમુક વાસણમાં કેટલું માશે તેનું ધણુાક અનુમાન કરી શકતા નથી... ... ...આવી બાબતો ગણાવો વિસ્તાર કરવાનું અત્ર સ્થાન નથી. માત્ર સુજ્ઞ શિક્ષક બંધુઓને સહેજ ઇસારારૂપે આટલું લખાયું છે તેના અપ્રસંગત્વ દોષ તરફ ક્ષમા દૃષ્ટિથી જોવા વિનતિ છે. **કર્ત્તા.**

બે બોલ.

અમારા તરફથી પ્રગટ થએલી ત્રીજા ધોરણની નોટમાં આપેલાં સૃષ્ટિજ્ઞાનના પાઠોમાં કેટલોક અગત્યનો ફેરફાર અને સુધારો વધારો કરી અમોએ આ સૃષ્ટિજ્ઞાનનું પુસ્તક પૃથક્ સ્વરૂપે બહાર પાડયું છે. આ પુસ્તક બાળકોને વધારે ઉપકારક બનાવવાના હેતુથી પાછળ પુરવણીમાં પદાર્થ પાઠને લગતા બુદ્ધિની કસોટીરૂપ કેટલાક અગત્યના પ્રશ્નોનો સંગ્રહ કર્યો છે જે શિષ્યવર્ગને આનંદદાયક નીવડવા ઉપરાંત શિક્ષકવર્ગને માર્ગદર્શક થઈ પડશે એવી આશા છે.

પુસ્તકની શરૂઆતમાં પ્રસ્તાવનારૂપે પદાર્થપાઠને લગતી ઉપયોગી સૂચના આપવામાં આવી છે. એ પ્રસ્તાવના વાંચનાર જોઈ શકશે કે એમાં ઘણી બાબતો ઘટાવી શકાય તેમ છે; પરંતુ ઉચ્ચ કોટિની શિક્ષાઓ અત્ર અસ્થાને લાગવાથી સંક્ષિપ્તમાં પતાવ્યું છે. આશા છે કે શિક્ષકો તેમાંના તત્વને ગ્રહણ કરી બાળકોની બુદ્ધિ ખીલવવા બનતો દરેક પ્રયાસ આદરશે. અસ્તુ.

મણિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય.

પાઠવાર સાહિત્યોની યાદી.

૧. પાણીથી ભરેલો કાચનો પ્યાલો, બરફ, સગડી× પાણી ઉકાળવા માટે ઢાંકણા સાથે તપેલી, વગેરે.

૨. દેવતા, ચકમક, આગીઓ કાચ, રૂ અથવા ઝટ સળગી ઉઠે તેવી કોઇ વસ્તુ, મીણબત્તી અને તેને સળગાવવા માટે દીવાસળી તથા સળગેલી મીણબત્તી ઢાંકી દેવા માટે કાચનો પ્યાલો વગેરે.

૩. પાણીથી ભરેલો કાચનો પ્યાલો, વરાગડું, ઘસીઉં અને સિંધવ એ ત્રણ જાતનું મીઠું, મીઠાવાળું પાણી ગરમ કરવા માટે નાની તપેલી અને સગડી, હિંદુસ્તાનનો નકશો વગેરે.

૪. લાકડીઓ અને આમલસારો એ બંને જાતના ગંધક, પાણીથી ભરેલો કાચનો પ્યાલો, એક નાની ગંધક ઉનો કરવાની વાડકી, દીવાસળી, રંગીન ફૂલ, ગંધકની કાચી ધાતુ, સગડી વગેરે.

૪. સાકર, ફટકડી, મોરથુથુ, ગંધક, બનાવટી (ખરાને અભાવે) હીરા, મીઠું, બરફ, અકીકનો પત્થર વગેરે પહેલદાર વસ્તુઓ; પતાસું, કાચ, માટીનું ઢેફું વગેરે પહેલદાર નહિ એવી વસ્તુઓ; હથોડી વગેરે.

૬. ભરતર, ધડતર અને પોલાદ એ ત્રણે જાતનું લોઢું અને લોઢાની કાચી ધાતુ; ઘડિઆળની કમાન, સ્ક્રુ, ચપ્પુ, કાનસ વિગેરે પોલાદની વસ્તુઓ; પૃથ્વીનો નકશો વગેરે.

× જ્યાં 'સગડી' હોય ત્યાં 'દેવતા સાથે સગડી' એમ સમજવું.

૭. ફૂલ, ફળ, ડાળી અને મૂળ સાથેનો એક લીલો છોડ, ગુલાબ અગર ધંતુરાનું ફૂલ (તેમાં રહેલા તંતુઓ બનાવવા માટે) વગેરે.

૮. વનસ્પતિના રસમાંથી બનેલા અપરિચિત (બની શકે તેટલા) પદાર્થો:—રબર, લાખ, ગુંદર વગેરે પદાર્થો: તથા સાબુચોખા, કપુર, વગેરે થડની અંદરથી કાઢેલા પદાર્થો.

૯. ઘઉંના ખેતરનું અવલોકન પ્રત્યક્ષ કરાવવું જોઇએ. કાળી અને ગોરાડું જમીનનો મુકાબલો કરવો; જુદી જુદી જાતના દાઉદ-ખાની હાંસોટી, વાજીઆ, કાઠા, પોપટીઆ, ધોળીઆ, મઠીઆ વગેરે ઘઉં, ઘઉંનો લોટ, થુલું, થુલી, મેંદો, રવો, પાણી ભરેલો પ્યાલો, વગેરે.

૧૦. વડ, પીપળો, લીમડો, વગેરે વનસ્પતિનાં પાંદડાં; ઘાસના ચીપા, કેળનું પાન, કમળનું પાન, અળવીનું પાન, કુંવારનું પાંદડું, કપાસનું પાંદડું, આંબલીનું પાન વગેરે.

૧૧. પતંગીઆનો નકશો; અને તેને અભાવે બ્લેક બોર્ડ ઉપર પતંગીઆની જુદી જુદી અવસ્થાનાં ચિત્રો.

૧૨. સમડી અને ગીધનાં ચિત્રો.

૧૩. ખીસકોલી અને સસલાનું ચિત્ર.

૧૪. કુતરાનો નકશો.

૧૫. કુતરો, વરૂ, શિયાળ, લોકડી એ એક વર્ગનાં પ્રાણીઓનાં ચિત્ર.

૧૬. બિલાડીનું ચિત્ર.

૧૭. બિલાડી, વાઘ, દીપડો, સિંહ એ મળતાં આવતાં પ્રાણીઓના નકશા.

૧૮. શરીરનો નકશો.

૧૯. સૂક્ષ્મદર્શક યંત્ર, ગેંડાનું ચિત્ર.

૨૦. કાચું ચામડું, (સુકાઇ ગએલું અને ભાગી જાય તેવું), ચામડાંનાં હાથનાં મોજાં, પાણીની મશક વગેરે.

૨૧. ઉનનાં કપડાં, જાત જાતનું રંગીત, પાતળું તથા જાડું ઉન વગેરે.

૨૨. જુદી જુદી જાતના ઘરના નકશા.

૨૩. વાડકો (કાણા–છિદ્રવાળો), પાણી ભરેલું વાસણ, છાયાયંત્ર કલાક અને અર્ધા કલાકની શીશી, કાંસાનું ઘડીઆળ વગેરે.

૨૪. જુદી જુદી જાતનાં ઘડિઆળ અને બની શકે તો બગડી ગએલો એક ડબો કે જેને કાંટા, ચક્રો, કમાન વગેરે સર્વ સલામત હોય.

૨૫. ખરી અને ખોટી દાંડીવાળાં ત્રાજવાં, અને જોખવાનાં કાટલાં તથા જોખવાની વસ્તુઓ વગેરે.

અનુક્રમણિકા.

પ્રશ્નોત્તરરૂપે બાળોપયોગી સૃષ્ટિજ્ઞાન.

પાઠ ૧ લો. પાણી અને તેનો ઉપયોગ.

પ્ર૦ ક્યાં ક્યાં સ્થળોમાં પાણી ભરેલું હોય છે ?

ઉ૦ કુવા, વાવ, તળાવ, નદીઓ, સરોવરો, સમુદ્ર વગેરે સ્થળોમાં.

પ્ર૦ કુવામાં પાણી ક્યાંથી આવતું હશે ?

ઉ૦ વરસાદનું પાણી, જમીન ઉપર પડયા પછી કેટલુંક તેમાં પચી જાય છે, એ પ્રમાણે જમીનમાં ઉતરેલું પાણી કુવા ખોદતાં નીકળી આવે છે.

પ્ર૦ આકાશમાંથી વરસાદરૂપે અતિશય પાણી પડે છે તે ક્યાંથી આવતું હશે ?

ઉ૦ કુવા, વાવ, તળાવ, સમુદ્ર વગેરે જળાશયોનું પાણી તે સુરજના તાપને લીધે વરાળરૂપ થઇ ઉંચે આકાશમાં ચઢે છે. ત્યાં તેનાં વાદળાં બંધાય છે. એ વાદળાંને અતિશય ઠંડક લાગવાથી પાણીરૂપ થઇ નીચે પૃથ્વી ઉપર વરસાદરૂપે પડે છે.

પ્ર૦ ચોમાસામાં વરસાદ વરસે છે ત્યારે પૃથ્વી ઉપર શા શા ફેરફાર થાય છે ?

ઉ૦ રસ્તા અને ખેતરો ખોદાય છે, જમીનમાં વહેળા પડી જાય છે, અને સઘળો કાદવ કચરો ધોવાઇ જઈ જમીન સ્વચ્છ બની જાય છે. વનસ્પતિ ઉપરનો ધૂળ કચરો ધોવાઇ જઈ સઘળું લીલું દેખાય છે, વરસાદ વરસવાથી જમીન ઉપર સઘળે ઘાસ ઉગી નીકળે છે તથા ખેતરોમાં વાવેતર ઉગી નીકળી સઘળો દેખાવ સુંદર થઈ રહે છે. તળાવ અને નદીનાળાં પાણીથી ભરપુર થઇ રહે છે.

પ્ર૦ વરસાદના પાણીથી જમીન ઉપરનો કચરો ધોવાઇને ક્યાં જતો હશે ?

ઉ૦ પાણી હંમેશાં ઉંચી જગાએથી નીચી જગાએ વહે છે તેથી કચરા વગેરેને સાથે ખેંચી જઇ તળાવમાં કે નદી વાટે દરીઆમાં એકઠો કરે છે; અને પછી પાણીને તળીએ ઠરી જાય છે.

પ્ર૦ પાણી ડહોળાયલું ક્યાં સુધી રહે છે ?

ઉ૦ વરસાદનાં ઝાપટાં સખત પડયા કરે ત્યાં સુધી.

પ્ર૦ એ કાદવ કચરો નીચે ઠરે છે તેને શું કહે છે ?

ઉ૦ તેને કાંપ કહે છે. પાણીમાં કહોવાઇને તે માટીરૂપ થઇ જાય છે, એ કાંપ ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. નદીનું પાણી એ કચરાને આજુબાજુના પ્રદેશ ઉપર પાથરી દે છે તેથી જમીન ફળદ્રુપ બની જાય છે.

પ્ર૦ વરસાદના એટલા બધા પાણીનો સમાસ ક્યાં થતો હશે ?

ઉ૦ કેટલુંક પાણી તળાવોમાં ભરાઇ જાય છે, કેટલુંક નદીનાળાં વાટે સમુદ્રમાં પહોંચે છે, અને કેટલુંક જમીનમાં ઉતરી જાય છે. વળી કેટલાક પાણીની સુરજના તાપને લીધે વરાળ થઇ જાય છે.

પ્ર૦ પાણીને ગરમી અને ઠંડી લાગવાથી તેના ઉપર શી અસર થાય છે ?

ઉ૦ થોડી ગરમીથી પાણી ઉનું થાય છે, પરંતુ વધારે ગરમી લાગવાથી તેની વરાળ થઇ જાય છે; તેમજ ઘણી ઠંડી લાગવાથી તેનું બરફ બની જાય છે. કોઈ કોઇ વખત વરસાદનાં ફોરાં જમીન ઉપર પડતા અગાઉ ઠંડી લાગવાથી ઠરીને કાંકરાની માફક નીચે પડે છે તેને કરા કહેવામાં આવે છે. ઘણા ઠંડા દેશોમાં સરોવર

નદી, દરીઆ વગેરેનાં પાણી ઠરીને તેનો બરફ બંધાઇ જાય છે, વળી ઉંચા પર્વતો ઉપર અતિશય ઠંડીને લીધે પાણીનું બરફ થઇ પડયું છે.

પ્ર૦ પાણીનાં જુદાં જુદાં રૂપ કહો.

ઉ૦ વરાળ, ઝાકળ, ધુમસ, કરા, બરફ, વાદળાં વગેરે.

પ્ર૦ પાણી શા કામમાં આવે છે?

ઉ૦ માણસ અને બીજાં પ્રાણીઓને પીવાના કામમાં, રાંધવામાં, નહાવા ધોવામાં વગેરે કામમાં આવે છે. વળી વનસ્પતિ મૂળ વડે જમીનમાંનું પાણી ચૂસીનેજ જીવે છે.

પ્ર૦ કોઇ કોઈ પાણી ખારાં હોય છે તેનું કારણ શું?

ઉ૦ જમીનની અંદરના ક્ષારવાળા ખડકમાં થઇને આવે છે તેથી ખારૂં હોય છે.

પ્ર૦ સમુદ્રનું પાણી ખારૂં કેમ?

ઉ૦ પૃથ્વીના પૃષ્ઠ ઉપરનો સઘળો ક્ષાર ખેંચાઇને સમુદ્રમાં આવે છે અને સમુદ્રમાંથી વરાળરૂપે પાણી પાણી ઉડી જાય છે, અને ક્ષાર ભેગો થયા કરે છે તેથી સમુદ્રોનું પાણી ખારૂં હોય છે.

પ્ર૦ સમુદ્રના પાણીનો ઉપયોગ શો?

ઉ૦ ખારા પાણીને તડકામાં સુકવીને તેમાંથી મીઠું બનાવવાના કામમાં આવે છે. એ પ્રમાણે ખારાઘોડામાં કુવાના પાણીનું મીઠું પકાવવામાં આવે છે.

પ્ર૦ સમુદ્રના પાણીનો બીજો ઉપયોગ શો?

ઉ૦ સમુદ્રના પાણી ઉપર વહાણો ચાલે છે, તેથી એક દેશનો માલ બીજા દેશમાં સહેલાઈથી જઈ શકાય છે.

પાઠ ૨ જો. દેવતા.

પ્ર૦ દેવતા શા કામમાં આવે છે?

ઉ૦ દેવતા રાંધવાના કામમાં, પાણી ઊનું કરવાના કામમાં, તથા તાપવામાં ઉપયોગનો છે; વળી વરાળથી ચાલનારા સંચાઓમાં પાણીની વરાળ બનાવવામાં દેવતા ઉપયોગનો છે. દેવતા દીવા સળગાવવાના તથા અજવાળું કરવાના કામમાં આવે છે.

પ્ર૦ દેવતા શી રીતે પાડવામાં આવે છે.

ઉ૦ લાકડાં, કોલસા, છડાયાં, ઘાસ વગેરેને દીવાસળી વડે સળગાવવાથી દેવતા પડે છે. દીવાસળીની બનાવટ લોકોના જાણવામાં નહોતી ત્યારે ચકમકના પત્થરો એક બીજાને અફાળીને દેવતા પાડવામાં આવતો.

પ્ર૦ દીવો કે દેવતા સળગતા રહેવા માટે શાની જરૂર છે?

ઉ૦ પવનની જરૂર છે. બંધીઆર વાસણમાં દીવો કે દેવતા મૂકવાથી થોડાજ વખતમાં તે હોલવાઇ જાય છે.

પ્ર૦ ક્યા ક્યા પદાર્થો દીવા તરીકે બાળવામાં વપરાય છે?

ઉ૦ દીવેલ, તેલ, ઘી, મીણબત્તી, કેરોસીન વગેરે.

પ્ર૦ લાકડાનો દીવો કેમ કરતા નથી?

ઉ૦ લાકડામાંથી અખંડ જ્યોત નીકળતી નથી, પણ થોડી થોડીવારે ભડકા નીકળે છે.

પાઠ ૩ જો. મીઠું.

પ્ર૦ મીઠું શા કામમાં આવે છે?

ઉ૦ કેટલાક ખોરાકમાં મીઠું નાંખવાથી તે સ્વાદિષ્ઠ થાય છે. અ-

થાણાં, માખણ વગેરે ઘણા દિવસ રાખવા સારૂ તેમાં મીઠું નાખવાથી બગડતાં નથી, કેટલેક ઠેકાણે મુડદાંને રાખી મુકવાનો ચાલ છે. ત્યાં મુડદાંને ચીરીને તેમાં મીઠું ભરે છે તેથી તે ગંધાતું નથી. જાજરૂમાં મીઠું નાખવાથી દુર્ગંધ આવતી નથી.

પ્ર૦ ખોરાકમાં મીઠું ખાવાની જરૂર શી ?

ઉ૦ હાડકાંનું બંધારણ વધારે છે, તથા લોહીને સુધારે છે, વળી ઢોરને પણ ખોરાક સાથે મીઠું ખવરાવવાથી ઘાસ સારી રીતે ખાઈ શકે છે.

પ્ર૦ ચામડાં પકવવામાં મીઠું શા માટે વાપરે છે ?

ઉ૦ મીઠાથી દુર્ગંધ નાશ પામે છે, તથા મલીનતા કપાય છે.

પ્ર૦ મીઠું ક્યાં ઉત્પન્ન થતું હશે ?

ઉ૦ દરીઆના પાણીને ક્યારામાં ભરીને સુરજના તાપથી સુકાવા દે છે એટલે મીઠાની પોપડીઓ બાઝી જાય છે. તે ઉઝરડી લેવામાં આવે છે; એજ પ્રમાણે કુવાના પાણીનું પણ મીઠું પકવવામાં આવે છે; વળી કેટલેક ઠેકાણે જમીનમાંથી મીઠું નીકળે છે.

પ્ર૦ મીઠું કોણ પકવતું હશે ?

ઉ૦ દરીઆનું કે કુવાના પાણીનું મીઠું પકવવાનો સરકાર પાસે વેપારીઓ ઇજારો રાખે છે, પછી તે મજુરો વડે તે કામ કરાવે છે. મીઠું પડાવનારને અગરીઆ કહે છે, અને મીઠું પકવવાની જગાને અગર કહે છે.

પ્ર૦ મીઠાની જાતો કહો !

ઉ૦ ઘસીઉં, વરગાડું અને સિંધવ એવી ત્રણ જાતો છે.

પ્ર૦ એ ત્રણે જાતોનું ઓળખાણ આપો.

ઉ૦ વરાગડા મીઠાના ગાંગડા હોય છે, ઘસીઉં મીઠું ભુકારૂપે હોય છે, અને સિંધવ જમીનમાંથી નીકળે છે. તેના પણ ગાંગડા હોય છે. સિંધવ ફળાહારમાં વપરાય છે.

પ્ર૦ આપણે કઇ જાતનું મીઠું વાપરીએ છીએ.

ઉ૦ વરાગડું.

પ્ર૦ મીઠાના ગુણ બોલો.

ઉ૦ ૧. બરડ છે કેમકે તેને પછાડવાથી તુરત તેના કકડા થઇ જાય છે.

૨. પાસાદાર, તેને ભાગીશું તોપણ તેના નાના મોટા થએલા કકડાઓમાં પણ પાસા પડેલા હોય છે.

૩. આપારદર્શક કેમકે તેની આરપાર દેખાતું નથી.

૪. ખારૂં ચાખવાથી માલમ પડે છે.

૫. રંગે ધોળું છે.

૬. ભેજ શોષવાના ગુણવાળું કેમકે ચોમાસામાં ભેજ શોષીને ઓગળી જાય છે.

૭. જંતુઓ નાશ કરનારૂં કેમકે દુર્ગંધવાળી જગામાં તેનો ભૂકો નાંખવાથી દુર્ગંધ નાશ પામે છે.

પ્ર૦ મીઠું પકવવાની રીત સમજાવો.

ઉ૦ સમુદ્ર કિનારે ફૂટ કે બે ફૂટ ઊંડા ખાડા ખોદે છે, તે દશ બાર ફૂટ લાંબા પહોળા રાખે છે. તેમાં ભરતી વખતે પાણી ભરાય છે, અથવા તેમાં માણસો પાણી ભરે છે; તે સુરજના તાપથી સુકાય છે ત્યારે પાછળ ખાર પડગો રહે છે, તેમાં બીજી વખતે પણ એજ પ્રમાણે પાણી ભરીને સુકાવા દે છે એટલે

જે ખાર પડયો રહે છે, તેને પાવડાવડે ઉઝરડી લઇ ઢગલા કરે છે, તેજ મીઠું.

પ્ર૦ એવું મીઠું ક્યાં બને છે?

ઉ૦ દરિયા કિનારે, ધ્રાંગધ્રા પાસે કુડાના અગરમાં, પાટડી પાસે ખારાઘોડામાં, ગુજરાત, ધરાસણમાં તથા ખંભાતમાં વગેરે ઠેકાણે બનાવે છે.

પ્ર૦ મીઠાની ખાણો ક્યાં છે?

ઉ૦ પંજાબમાં છે. યુરોપ અને અમેરિકાના લોકો મીઠાને બદલે જમીનમાંથી નીકળતો સિંધવજ વાપરે છે.

પાઠ ૪ થો. ગંધક.

પ્ર૦ ગંધકના ક્યા ક્યા ગુણો છે?

ઉ૦ ૧. તેના કકડા ઉપર હથોડીનો ઘા મારીએ તો તેના ચુરેચુરા થાય છે તેથી તે બરડ છે. ૨, ગંધકના એક કકડાને પાણીની એક વાડકીમાં નાખીએ તો તે મીઠાની પેઠે ઓગળતો નથી તેથી ઓગળે નહિ એવો ૩. ગંધકના કકડાને વાડકામાં નાંખી નીચે દીવો ધરીએ તો તેનો રસ થઈ જાય છે તેથી તે પીગળે એવો.

પ્ર૦ ગંધકને પીગળવાને તેની નીચે તાપ કરીએ, તો શો ફેરફાર થાય છે?

ઉ૦ ગંધકને વાડકીમાં રાખી નીચે તાપ કરીએ તો તેનો રતાશ પડતો રંગ જણાય છે, તે રસને પાણીમાં નાંખીએ તો બંધાઇ જાય છે, તેમાંથી તેનો આકાર કરવો હોય તેવો થઇ શકે છે;

તેને વધારે વખત પાણીમાં અથવા બહાર રાખીએ તો તેનો તેવો ઘાટ થઇ જાય છે.

વળી નીચે વધારે તાપ લગાડીએ તો તેનો રતાશ પડતો રંગ થઇ જાય છે. જો તેથી વધારે વખત તાપ ઉપર રાખીએ તો તેમાંથી લીલાશ પડતો ધુમાડો નીકળે છે, અને તેથી પણ વધારે વાર તાપ ઉપર રાખીએ તો રાતો ધુમાડો નીકળી છેવટે ભડકો થાય છે, તે ભડકાનો રંગ આસમાની રંગનો જણાય છે.

પ્ર૦ દીવાસળીને છેડે ગંધક શા માટે ચોપડે છે?

ઉ૦ ગંધકમાં ઝટ સળગવાનો ગુણ છે. તેથી જેટલા ભાગમાં ગંધક હોય, તે ભાગ તુરત સળગવાથી બળતું ટકી રહી દીવાસળીના ભાગમાં બળતું ફેલાઇ જાય છે.

પ્ર૦ ગંધકનો શો ઉપયોગ છે?

ઉ૦ બે પથ્થરની સાંધમાં લોઢાની પાટી મુકી તે ઉપર ગંધકનો રસ રેડે છે, તે પાટી પથ્થરના ખાડામાં ગંધક સાથે ચોંટી જાય છે. દીવાસળી બનાવવામાં દીવાસળીના છેડા ઉપર ચોપડવામાં આવે છે. મલમ બનાવવામાં પણ વપરાય છે. ખસ વગેરે ચામડીનાં દરદોની દવામાં વપરાય છે ગંધકમાં રંગ ઉડાડવાનો ગુણ હોવાથી ગંધકનો ધુમાડો કરી રંગીન ફૂલ મૂકવું, ને તે ઉપર તપેલું ઉંધુ વાળવું; તેથી તે ધુમાડો ફૂલને લાગવાથી ફુલનો રંગ જશે. એવી રીતે કામળ, ઉન, રેશમ તથા બીજાં વગેરે કાપડાંના રંગ ઉડાડવાના કામમાં વપરાય છે.

પ્ર૦ ગંધકની ઉત્પત્તિ વિષે શું જાણો છો?

ઉ૦ એ ભોંયમાંથી નીકળે છે, ને ત્રાંબા સાથે મળેલો હોય છે. તેને બહાર કાઢી ઓગાળી જુદો પાડવામાં આવે છે. તે ખાણમાંથી નીકળે છે માટે ખનિજ કહેવાય છે.

પ્ર૦ ગંધક બળતી વખતે શામાટે સાવચેતી રાખવી જોઇએ ?

ઉ૦ ગંધકનો ધુમાડો ગળામાં પેસે તો ઉધરસ થઇને કંઠે બેસી જાય છે, માટે તેનો ધુમાડો શ્વાસમાં ન લેવાય તેમ કરવું.

પ્ર૦ ઓગળવું અને પીગળવું એમાં ભેદ શો ?

ઉ૦ ગરમીથી રસ થાય તે પીગળ્યું કહેવાય અને પાણીમાં મળી જાય તેને ઓગાળ્યું કહેવાય.

પાઠ ૫ મો. પહેલદાર વસ્તુઓ.

પ્ર૦ પહેલદાર વસ્તુઓ કોને કહે છે ?

ઉ૦ જે વસ્તુઓ ઉપર પહેલ એટલે પાસા પાડેલા હોય છે ને તેને પછાડીને ભાંગી નાંખીએ, તોપણ તેના જે નાના મોટા કકડા થાય તે બધા સરખા ઘાટના અને પ્રથમ તે વસ્તુનો જેવો આકાર હોય તેવા આકારના તે હોય તે તો વસ્તુ પહેલદાર કહેવાય.

પ્ર૦ પહેલદાર વસ્તુઓ કઇ છે ?

ઉ૦ સાકર, ફટકડી, મોરથુથુ, હીંગ, ગંધક, મીઠું, બરફ, આરીકના પત્થર અથવા બીજા કેટલાક પત્થર.

પ્ર૦ પહેલદાર વસ્તુ શી રીતે બનાવવા હશે ?

ઉ૦ સોના રૂપામાં અને કાચમાં શોભાને માટે લોકો પહેલ એટલે પાસા પડાવે છે. તે પહેલ સોની, લુહાર વગેરે કારીગરો હથોડાવતી ઘડીને પાડે છે. કેટલીક ચીજો એવી છે કે તેમાંથી કુદરતી એટલે એની મળેજ પહેલ પડેલા હોય છે.

પ્ર૦ દરેક પહેલદાર વસ્તુમાં કેટલાં પાસાં હોય છે ?

ઉ૦ તેનો કાંઈ ચોક્સ નિયમ નથી. કોઈ વસ્તુમાં ચાર, ૭ અથવા આઠ પાસાં હોય છે, અને તેથી વધારે પણ હોય છે.

પ્ર૦ પહેલદાર વસ્તુઓ ક્યાં બનતી હશે ?

ઉ૦ કેટલીક પહેલદાર વસ્તુઓ જમીનમાંથી નીકળે છે, જેવી કે ધોળા હીરા, લાલ માણેક, લીલો નીલમ, અકીકના અથવા બીજા પત્થર ગંધક, ફટકડી વગેરે; માઠું, સાકર, બરફ એવી વસ્તુ તથા કાચ અને ધાતુની વસ્તુઓ તો માણસ બનાવે છે.

પ્ર૦ કાચ શા માટે પહેલદાર વસ્તુ ન કહેવાય ?

ઉ૦ કાચના કકડાને પછાડીને ભાગીએ તો તેના ઘણા કકડા થઈ જાય છે, તે કકડા એક સરખા ઘાટના થતા નથી; પણ તે દરેક જુદા આકારના હોય છે, માટે તે પહેલદાર ન કહેવાય.

પાઠ ૬ ઠ્ઠો. લોઢું અને પોલાદ.

પ્ર૦ લોઢામાં ક્યા ક્યા ગુણો છે ?

ઉ૦ ભારે, નક્કર, અપારદર્શક, ઓપ એટલે ચળકાટ ચઢે એવું, રણકો થાય એવું, પીગળી શકે એવું, તાર થઈ શકે એવું. ચીકણું વગેરે ગુણો છે.

પ્ર૦ લોઢાની ઉત્પત્તિ કહો ?

ઉ૦ લોઢું ખાણમાંથી નીકળે છે, માટે એને ખનીજ કહે છે. ભોયમાં તેના પ્રથમ રાતા અને ભારે પત્થર, માટી, ધુળ વગેરે સાથે મળેલા નીકળે છે, તેને લોઢાની કાચી ધાતુ કહે છે. તેને બહાર કાઢ્યા પછી તેમાંથી જાત જાતનું લોઢું બનાવે છે.

પ્ર૦ એ કાચા લોઢાને શી રીતે શુદ્ધ કરે છે?

ઉ૦ કાચી ધાતુને ભઠ્ઠીમાં તપાવે છે, તેથી તેનો રસ થઇ નીચે પડે છે અને કાંકરા, ધુળ વગેરે ઉપર રહે છે. નીચે પડેલો રસ ઠરી જાય ત્યારે તેને ભરતનું લોઢું કહે છે.

પ્ર૦ લોઢું કયી કયી જાતનું થાય છે?

ઉ૦ લોઢાની ત્રણ જાતો છે; તે કાચી ધાતુમાંથી બનાવવામાં આવે છે. પહેલું ભરતર, બીજું ઘડતર અને ત્રીજું પોલાદ અથવા ગજવેલ.

પ્ર૦ ભરત લોઢાના ગુણ કયા છે? અને તેનો કયો સામાન બને છે?

ઉ૦ ભરતર લોઢાનો કકડો પછાડીએ તો તે ભાંગી જાય છે તેથી તે બરડ છે, ને બહુ ટીપી શકાતું નથી. પણ જેવો ઘાટ કરવો હોય તેવાં બીબામાં તેનો રસ કરી રેડે છે. તેની પાણીની નળીઓ, મોટા નળ, રવેસીના કઠેરા, ઝાળીઓ, દીવાલની ખીંટીઓ, ફાનસોના થાંભલા, પાટલીઓના પાયા વગેરે થાય છે.

પ્ર૦ ઘડતર લોઢામાં કયા ગુણો છે? અને તેનો કયો સામાન બને છે?

ઉ૦ ભરતર લોઢાને ફરીથી તપાવીને ટાઢું પાડી ટીપે છે ત્યારે ઘડતર લોઢું થાય છે તે નરમ તથા ટીપી શકાય એવું છે. તેનાં તાળાં પાવડા, કોડાળી, સાંકળ વગેરે થાય છે.

પ્ર૦ પોલાદના કયા ગુણ છે, અને તેનો કયો સામાન બને છે?

ઉ૦ ઘડતર લોઢાને કોયલા સામે ફરી તપાવી ટાઢા પાણીમાં બોળે છે ત્યારે પોલાદ થાય છે. પોલાદને જેમ વાળવું હોય તેમ વળે એવું અને ઘણુંજ સખત છે, માટે તેમાંથી ઘડિઆળની કમાન, ચપ્પુ, છરા, તરવાર, સુથારનાં લોઢાં, સ્ક્રુ, કાનસ વગેરે બને છે.

પ્ર૦ લોઢાની ખાણો કયા દેશમાં છે?

ઉ૦ દક્ષિણ હિંદુસ્તાન, ઈંગ્લાંડ, જર્મની અમેરિકા વિગેરે દેશોમાં છે. ગુજરાતમાં કપડવણજ પાસે લોઢાની ખાણ છે, પણ તેને કાઢતાં ખર્ચ વધી જાય મોઘું પડે છે. તેથી તેમાંથી લોઢું કાઢતા નથી.

પ્ર૦ લોઢાની કીંમત શા ઉપરથી થાય છે?

ઉ૦ દરેક વસ્તુની કીંમત તેના ખપ અને છત ઉપરથી નક્કી થાય છે, તે પ્રમાણે લોઢાનો ખપ ઘણો છે પણ ત્રાંબુ, સોનું, રૂપું વગેરે ધાતુઓ કરતાં લોઢું ઘણું જડે તે તેથી છે સોંઘું મળે છે. પરંતુ કેટલાક કારીગરો ઘણી મહેનત કરી અને કારીગરી કરી ચપ્પુ, તરવાર વગેરે હથીઆરો બનાવે છે તે અમૂલ્ય ગણાય છે. કહેવત છે કે—"લોઢાનું અને ઘોડાનું મૂલ નથી."

પાઠ ૭ મો. ઝાડની ઈંદ્રિયો તથા તેનાં કામ.

પ્ર૦ ઝાડની ઈંદ્રિયો કોને કહે છે?

ઉ૦ ઝાડને નિભાવવાને તથા મોટું થવાને ઝાડના જે જે ભાગો કાંઈ પણ કામ કરે છે તેને ઈંદ્રિય કહે છે.

પ્ર૦ આપણા શરીરમાં કયી કયી ઈંદ્રિયો છે? ને તે શું કામ કરે છે?

ઉ૦ (૧) આંખ એ જોવાનું કામ કરે છે. (૨) કાન એ સાંભળવાનું કામ કરે છે. (૩) નાક એ સુંઘવાનું કામ કરે છે. (૪) જીભ એ ચાખવાનું કામ કરે છે અને (૫) ચામડી એ સ્પર્શનું એટલે અડકવાનું કામ કરે છે. ચામડીને સ્પર્શેન્દ્રિય કહે છે.

પ્ર૦ ઝાડની ઈંદ્રિયો કયી કયી છે?

ઉ૦ મૂળ, થડ, પાંદડાં અને ફૂલ, ઝાડની ડાળી ઈંદ્રિય ગણાતી નથી કેમકે જો તે ઈંદ્રિય ગણાતી હોત તો એવી ડાળીઓ તમામ ઝાડ ઉપર હોત; પણ કેળ, નાળિએર, તાડ, વગેરે ઝાડ ઉપર ડાળીઓ નથી. માટે ડાળી એ થડનો ભાગ છે.

પ્ર૦ મૂળ શું કામ કરે ?

ઉ૦ મૂળ જમાનમાં જઇ ચોંટી જાય છે તેથી તે ઝાડનો પાયો બની પડવા દેતું નથી. વળી પોતાને જે ખોરાક જોઇએ તે પ્રવાહી વાટે લઇ આખા ઝાડમાં મોકલે છે.

પ્ર૦ થડ શું કામ કરે છે ?

ઉ૦ મૂળમાંથી આવેલો રસ થડમાં આવે ત્યાંથી તે થડ ઝાડના બીજા ભાગમાં મોકલે છે. વળી તે ઝાડનાં ડાળાં, પાંદડાં વગેરેનો આધાર છે.

પ્ર૦ પાંદડાં શું કામ કરે છે ?

ઉ૦ આપણે જેમ નાક વાટે શ્વાસ લઇએ છીએ તેમ ઝાડને જોઇતો વાયુ પાંદડા મેળવી આપે છે. વળી મૂળમાંથી આવેલ ખોરાક પ્રથમ પાંદડાંમાં આવે છે ત્યાં પાંદડાંએ લીધેલા વા તથા સૂર્યના પ્રકાશવડે તે ખોરાક સુધરીને તૈયાર થાય છે ને પછી આખા ઝાડમાં ફરી વળે છે. આપણા શરીરમાંથી જેમ નકામો પદાર્થ પરસેવા વાટે બહાર નીકળી જાય છે તેમ તે રસ માંહેનો નકામો પદાર્થ પાંદડાં વાટે બહાર નીકળી જાય છે.

પ્ર૦ ફૂલ શું કામ કરે છે ?

ઉ૦ ફૂલમાં ઘણા તાંતણા હોય છે તેમાં એક પોલો તાંતણો હોય છે, તે વાટે રજ ઊડી પડે છે, ત્યારે તે ફુલમાંથી ફળ ઉત્પન્ન

થાય છે, કે જે આગળ જતાં નવું ઝાડ ઉત્પન્ન કરવાનું કામ કરે છે.

પ્ર૦ ઝાડની ઈંદ્રિયોને એકેકુંજ કામ કરવાનું હશે કે વધુ ઓછું કરવું પડતું હશે?

ઉ૦ પ્રાણી ઈંદ્રિયોને તો એકાદ કામ કરવાનું હોય છે પણ ઝાડની ઈંદ્રિયોને તો એક, બે કે વખતે ત્રણ કામ કરવાં પડે છે. પાંદડાંને જડરનું, ફેફસાનું ને રસોડાનું એમ ત્રણ કામ કરવાં પડે છે.

પાઠ ૮ મો. ઝાડનો રસ.

પ્ર૦ કયા ઝાડમાંથી રસ નીકળે છે?

ઉ૦ તાડ, ખજુરી, નાળિએરી, વડ, રબ્બર, થોર, પારસાણી, આકડો, આંબો, કોડી, લીમડો, રાયણ, બાવળ, બોરડી, ખેર વગેરે ઘણાં ઝાડોમાંથી રસ નીકળે છે.

પ્ર૦ બધાં ઝાડોમાં રસ એક સરખો હશે કે જુદી જાતનો?

ઉ૦ જુદી જાતનો હોય છે; (૧) કેટલાક ઝાડનો રસ ઘટ્ટ થઈ જાય છે ને તેના જેવા આકાર કરવા હોય અને જે વસ્તુઓ બનાવવી હોય તે બનાવી શકાય છે. (૨) કેટલાંક ઝાડનો રસ ઘટ્ટ થાય છે ખરો પણ તેના જુદા જુદા આકાર થઇ શકતા નથી. (૩) કેટલાંક ઝાડનો રસ ઘટ્ટ થઇ શકતો નથી.

પ્ર૦ જેનો રસ ઘટ્ટ થઇ શકે એવાં ઝાડ કયાં છે ને તેનો શો ઉપયોગ છે?

ઉ૦ રબ્બરનું ઝાડ એના થડમાં છેદ પાડવાથી એમાંથી પીળાશ પડતો રસ ઝરે છે. છેદ આગળ વાસણો બાંધે છે તેમાં એ

રસ ટપકે છે, તે રસને દૂધ કહે છે. પછી તે રસને તડકે સુકવે છે એટલે તે કઠણ અને ઘટ્ટ થાય છે. તે રબ્બર એના દડા અને ઢીંગલીઓ થાય છે વળી લખેલા ડાઘા કાઢવાના કામમાં આવે છે. વળી સડક ઉપર ચાલવાની ગાડીનાં પૈડાંને વાટ ચઢાવવાના કામમાં આવે છે. રબ્બરમાં વળી એક બીજો ગુણ છે. તેમાંથી પાણી આરપાર જઇ શકતું નથી, તેથી વરસાદમાં પહેરવાના ડગલા, તંબુ, જોડા, વગેરે ઘણી ચીજો રબ્બરની બનાવે છે.

પ્ર૦ જેનો રસ ઘટ્ટ થઇને તેના બીજા આકાર બનતા નથી તેવાં ઝાડ કહો અને તેનો શો ઉપયોગ છે?

ઉ૦ બાવળ, લીંમડો, કોઠી, બોરડી, ખેર, આંબો વગેરે ઝાડોનો રસ થડના છેદમાં ઝરપીને ઠરે છે. તે ગુંદર છે. તે કાગળો ચોંટાડવાના, શાહી બનાવવાના, લુગડાંની ખેળ બનાવવાના કામમાં આવે છે. તેમાં બાવળ અને ખેરનો ગુંદર શરીરને મજબુત કરે છે, તેથી તેના લાડુ અને પાક બનાવીને લોકો ખાય છે.

પ્ર૦ જેનો રસ ઘટ્ટ થતો નથી એવાં ઝાડ કયાં છે ને તેના રસનો શો ઉપયોગ થાય છે?

ઉ૦ તાડ, ખજુરી, નાળીયેરી, એ ઝાડોનાં પાંદડાંના થડ આગળ છેદ પાડી નીચે વાસણ લટકતું બાંધવામાં આવે છે, તેથી તેમાંથી રસ ઝરપીને તે વાસણ ભરાય છે, એ રસને તાડી કે નીરો કહે છે. એ રસ પીવાથી કેફ ચઢે છે, ને તે ગુણમાં ઠંડો છે. તેથી ભીલ કોળી વગેરે લોકો તેને પીએ છે. એ સિવાય થોર, ખરસાણી, આકડો વડ, વગેરે ઝાડોમાથી રસ ઝરપે છે, તે ઓસડના કામમાં આવે છે.

પ્ર૦ સાબુચોખા એ શો પદાર્થ હશે ?

ઉ૦ સાબુચોખા એ ઝાડનો રસ નથી. પણ થડની માંહેનો ભાગ છે. આપણા દેશના ડુંગરોમાં એ ઝાડો ઉગે છે. એ પુરેપુરાં મોટાં થાય છે, ત્યારે તેને કાપે છે. ઉપલી છાલ કાઢી લઇ માંહેલો ભાગ ખાંડી ભુકો કરે છે, ને પાણીમાં નાખી ખૂબ હલાવે છે. પછી તેને થોડીવાર ઠરવા દે છે, એટલે ભુકો ભારે હોવાથી તળીએ બેસે છે, ને રેસા વગેરે કચરો ઉપર તરી આવે છે. ત્યાર પછી કચરાવાળું પાણી નીતારી લઇ અંદરના ભુકાને સુકવીને ખાંડે છે. સુકો ભુકો વેચવામાં આવે છે. વળી કોઈ તો એ ભુકાને પાણીમાં ડહોળી ગરણીએ ગળે છે. એટલે તેના દાણા બંધાય છે. તે સુકાય છે તેને સાબુચોખા કહે છે.

પ્ર૦ સાબુચોખાનો શો ઉપયોગ છે ?

ઉ૦ સાબુચોખા ખાવામાં હલકા છે, તેથી માંદા માણસને તેની કાંજી કરી ખવરાવે છે. વળી અપવાસને દહાડે પણ લોકો તેની ખીર કરી ફરાળમાં ખાય છે.

પાઠ ૯ મો. ઘઉં તથા ઘઉંનો લોટ.

પ્ર૦ ઘઉંનું વાવેતર ક્યારે અને શી રીતે કરવામાં આવે છે ?

ઉ૦ કાળી જમીનમાં ઘઉં પાકે છે તે જમીનમાં પુષ્કળ વરસાદનું પાણી ઉતરેલું હોવું જોઇએ. જ્યારે પાણી સુકાઇ જાય અને જમીન ખેડવા જેવી થાય ત્યારે જમીનને રાંપીને રોડી પાડે છે ને આસો મહીનામાં વાવણીઓ જોડી ઘઉં વાવે છે.

પ્ર૦ ઘઉંના છોડનું વર્ણન કરો ?

ઉ૦ ઘઉંનો છોડ આશરે દોઢેક હાથ ઉંચો થાય છે. તેના છોડમાં સળીઓ મહિંથી પોલી હોય છે. તેનાં પાંદડાં લાંબાં અને સાંકડાં થાય છે. તે નીંઘલાય છે ત્યારે ઉપર ઉંબી આવે છે. તેની ઘઉંના દાણા થાય છે. ઉંબી ઉપર સોયા જેવો ભાગ નીકળે છે તેને સુખળાં કહે છે.

પ્ર૦ ઘઉં કયી કયી જાતના થાય છે અને તેની પેદાશ ક્યાં થાય છે?

ઉ૦ ઘઉં પાંચ જાતના થાય છે, (૧) દાઉદખાની, તે ઉત્તર હિંદુસ્તાનમાં થાય છે. (૨) હાંસોટી, તે સુરત અને ભરૂચ જીલ્લામાં થાય છે. આ બંને જાતના ઘઉં ચળકતા, પીળાશ પડતા, પોચા, અને ભરાઉ થાય છે. (૩) વાજીયા, એ કાળાશ પડતા, રાતા, અને ઝીણા હોય છે; (૪) કાઠા, તે કાઠિયાવાડમાં થાય છે, તે રાતા પુરા પાકેલા નહિ એવા અને સખત હોય છે, (૫) પેટો તેને આપણા લોકો મઠીઆ કહે છે, તેનો દાણો ટુંકો હોય છે.

પ્ર૦ ઘઉંનો લોટ કયી કયી રીતે થાય છે?

ઉ૦ ઘઉંમાંથી કાંકરા વગેરે કાઢી દુરસ્ત કરી, ઘંટીમાં દળે છે એટલે તેનો લોટ થાય છે. લોટને ચારણી વડે ચાળવાથી લોટ નીચે પડી જાય છે, અને ઉપર થુલું રહે છે. થુલામાંથી થુલી કાઢે છે. વળી ઘઉંને ભીના કરી દળે અને લોટને ઝીણી ચારણીથી ચાળે એટલે તેમાંથી જે લોટ નીકળે તેને મેંદો કે પત્તસુંદી કહે છે. ચારણીમાં જે ચારણ રહે તેમાંથી થુલું તથા રવો જુદો પડે છે વળી ઘઉંને પાણીમાં પલાળી મુક્યા હોય તે ખૂબ પલળ્યા પછી ચોળીને છોતરાં કાઢી નાખીએ અને ઠરવા દઇ ઉપલું નીતર્યું પાણી કાઢી નાંખતાં બાકી જે રહે તેને ઘઉંનું સત્વ કહે છે.

પ્ર૦ ઘઉંનો લોટ શા કામમાં આવે છે ?

ઉ૦ સાધારણ લોટમાં જોઇતું પાણી નાંખી પલાળીને કેળવે છે તેના રોટલા, રોટલી, પૂરીઓ, ખાખરા વગેરે બનાવીને તેમાં ઘી, ગોળ લઇને ખાય છે. વળી તેના લાડુ, કંસાર વગેરે કરે છે. રવનો શીરો થાય છે. વળી ઘઉંની ખેળ બનાવી કાગળો ચોંટાડે છે. વળી તેની પોટીસ કરી ગુમડાં પકવીને ફોડે છે. થુલીને બાફી તેમાં ખાંડ, ઘી, મેળવીને ખાય છે, પરસુંદી અને ઘઉંના સત્વમાં ઘી, ખાંડ, બદામ, પીસ્તા, ચારોળી વગેરે નાંખી ખાવાથી શરીરમાં મજબુતી અને ઠંડક આવે છે.

પ્ર૦ ઘઉંમાં કયો પદાર્થ માલમ પડે છે ?

ઉ૦ ઘઉંનો દાણો ચાખવાથી તેમાં ગળપણ હોય એમ જણાય છે, કેમકે તે ગળ્યો હોય છે, તેથી તેમાં ખાંડનો ભાગ છે. જ્યારે મેંદાને પલાળી ઢાંકી રાખીએ ત્યારે તેમાં ખાંડને લીધે આથો ચઢીને ખટાશ આવે છે તે આથાની જલેબી વગેરે ઘણી ચીજો બને છે. ઘઉં શરીરમાં બળ આપી માણસને મજબુત બનાવે છે.

પાઠ ૧૦ મો. પાંદડાંના ઘાટ.

પ્ર૦ વડનાં પાંદડાંનો ઘાટ કેવો હોય છે ?

ઉ૦ વડનું પાંદડું આઠ દશ આંગળ લાંબુ અને છ સાત આંગળ પહોળું હોય છે. તે ટોચે અણી પડતું જણાય છે પણ તેનો ઘાટ લગભગ લંબગોળ હોય છે.

પ્ર૦ પીપળાનાં પાંદડાંનો ઘાટ કેવો હોય છે ?

ઉ૦ એનો આકાર ગંજીફાના પાનાં મહિલી લાલ બદામના જેવો હોય છે, કેમકે તેના નીચલા ભાગમાં ખાંચ છે ને ઉપર લાંબી અણી નીકળેલી હોય છે.

પ્ર૦ લીમડાનાં પાંદડાનો ઘાટ કેવો હોય છે?

ઉ૦ તેનું પાંદડું બે ત્રણ આંગળ લાંબુ હોય છે, ને એકાદ આંગળ પહોળું હોય છે તથા તેની બંને ધાર ઉપર કરવતના જેવા દાંતા હોય છે.

પ્ર૦ ઘાસના પાંદડાનો આકાર કેવો હોય છે?

ઉ૦ તેનો આકાર તરવાર જેવો હોય છે. કેમકે તે લાંબુ ઘણુંજ હોય છે, અને પહોળું થોડું હોય છે. શેરડી, જાર, બાજરી, મકાઇ, વાંસ વગેરેના પાંદડાં ઘાસ ગણાય છે.

પ્ર૦ કેળનાં પાંદડાનો આકાર કેવો હોય છે?

ઉ૦ કેળનું પાંદડું ઘણું મોટું હોય છે તે લગભગ ત્રણ ચાર હાથ લાંબુ અને વેંત દોઢ વેંત પહોળું હોય છે. તેની વચમાં થડ તરફ જાડી અને છેડા તરફ અણી જેવી લાંબી રગ છે.

પ્ર૦ કેળનું પાંદડું મોટું શા માટે હોય છે?

ઉ૦ જે ઝાડને પણું પાણી પીવા જોઇએ, તે પોતાનાં પાંદડાં વાટે ઘણું પાણી બહાર કાઢી નાખે છે. ઘણું પાણી બહાર કાઢવા માટે પાંદડાં મોટાં જોઇએ માટે કેળ, કમળ, અળવી વગેરેનાં પાંદડાં ઘણાં મોટાં હોય છે.

પ્ર૦ કમળનાં પાંદડાનો આકાર કેવો હોય છે?

ઉ૦ કમળનું પાંદડું લગભગ ગોળ હોય છે અને તે પતરાળા જેવડું મોટું હોય છે. કેટલીક જગ્યાએ તેને પતરાળાંના કામમાં વાપરે છે.

પ્ર૦ કુંવાળના પાંદડાનો આકાર કેવો હોય છે?

ઉ૦ કુંવારનું પાંદડું લાંબું જાડું હોય છે ને છેડે જતાં અણીવાળું હોય છે, જાડું હોવાનું કારણ એટલુંજ કે કુંવાળ સુકી જમીનમાં ઉગે છે. તેથી જ્યારે તેને પાણી જોઇએ ત્યારે પાંદડાંના જાડા ભાગમાંથી લે છે.

પ્ર૦ કપાસના પાંદડાનો આકાર કેવો હોય છે?

ઉ૦ કપાસનાં પાંદડામાં હાથનાં આંગળાંની પેઠે પાંચ ભાગ જણાય છે. એ પાંચે ભાગ નીચે જોડાઇ જઇ એક પાંદડું થએલું જણાય છે.

પ્ર૦ આમલીના પાંદડાંનો આકાર કેવો હોય છે?

ઉ૦ આમલીનાં પાંદડામાં એવા છુટા ભાગો બેઉ તરફ જોવામાં આવે છે કે તે ભાગો એકડી નસમાં જોડાઇ ગયેલાં છે તે નસ જ્યાંથી ફુટે તે પાંદડું કહેવાય છે. એવા છુટા છુટા ભાગો પાંદડાં કહેવાતાં નથી.

પ્ર૦ આ સિવાય પાંદડાં વિષે કંઇ જાણવા જેવું છે?

ઉ૦ પાંદડાં ઘણી જાતનાં હોય છે. તેઓના ઘાટમાં પણ ફેર હોય છે. કોઇ ગોળ હોય છે, કોઇ સંગોળ હોય છે, કોઇ તરવાર જેવા હોય છે, કોઇ જાડાં, કોઇ પાતળાં, કોઇ કરકરાં, કોઇ સુંવાળાં હોય છે. ઘણું કરીને મોટા ઝાડનાં પાંદડાં નાનાં હોય છે, પાંદડાંને સુરજનું અજવાળું જેમ ઓછુંવત્તું લાગે તેમ તેના ઘાટમાં ફેર પડતો જાય છે.

પ્ર૦ કાગળ ઉપરથી પાંદડાં શી રીતે કોરી કઢાય?

ઉ૦ જે પાંદડાનો આકાર કોરવો હોય તેના ઉપર લીલો, પીળો,

રાતા વગેરે કાગળ મુકી અસલ પાન પ્રમાણે કાતરથી કાપવો એટલે તે કાગળમાંથી તે પાંદડા જેવો આકાર બનશે.

પ્ર૦ પાંદડાં શા કામમાં આવતાં હશે?

ઉ૦ લીમડો, કરીઆતું વગેરેનાં પાંદડાં ઓસડના કામમાં આવે છે; નાગરવેલનાં પાન કાથો ચુનો નાખી ખાવાના કામમાં આવે છે; ને અળવી, અજમો વગેરેનાં પાંદડાં ભજીઆં કરવાના કામમાં આવે છે; અને વડ, ખાખરા અને મહુડાનાં પાન, પડીઆ, પતરાળાં કરવાના કામમાં આવે છે.

પાઠ ૧૧ મો. જીવજંતુ.

પ્ર૦ જીવડાં અને જંતુ કયી કયી બાબતમાં જુદાં પડે છે?

ઉ૦ એ બંને એકજ વર્ગનાં પ્રાણી છે પણ જંતુઓને પાંખો હોય છે, તેમ જીવને પાંખો હોતી નથી. કોઇ જંતુને બે અને કોઇને ચાર ચાર પાંખો હોય છે. કેટલાંક જંતુને સુંઢ હોય છે ને જીવને સુંઢ હોતી નથી. કેટલાંક જંતુઓને પણ સુંઢ હોતી નથી. જંતુને મુછ હોય છે તેમ જીવને હોતી નથી.

પ્ર૦ જીવ ને જંતુ કયી કયી બાબતમાં મળતાં છે?

ઉ૦ જીવજંતુને માથું, જઠર, છાતી એવા ત્રણ ભાગ હોય છે. વળી જીવજંતુને ચાર અવસ્થા ભોગવવી પડે છે.

પ્ર૦ જીવજંતુને કયી ચાર અવસ્થા ભોગવવી પડે છે?

ઉ૦ તેનો જન્મ થાય છે ત્યારે તેમના ઇંડા હોય છે એ પહેલી; ઇંડાં સેવાય છે અને ફુટે છે ત્યારે તેમાંથી ઇયળ નીકળે છે તે બીજી; ઇયળ પાકને ઘણું નુકસાન કરે છે, એ ઇયળ પોતાનાં

મોમાંથી તાર કાઢી પોતાની આસપાસ વીંટાળી કોશેટા બનાવે છે તે ત્રીજી અવસ્થા; પછી કોશેટો ભાંગી મહિંથી પતંગીઉં અને કીડી થઈને બહાર આવે છે, તે ચોથી અવસ્થા.

પ્ર૦ જીવ અને જંતુમાં કયાં કયાં પ્રાણી ગણાય છે ?

ઉ૦ જીવમાં કીડી, મંકોડા વગેરે, અને જંતુમાં પતંગીઆં ફુદાં વગેરે

પ્ર૦ કીડીમાં પાંખ કોને આવે છે ?

ઉ૦ નર અને માદાને,

પ્ર૦ કીડીઓ વિષે શું જાણવા જેવું છે ?

ઉ૦ તેમના ઉપર કોઈ હુમલો કરે તો બધી કીડીઓ સામે થઇ લડે છે, તેમનામાં નર અને માદા કામ કરતાં નથી, તેઓ પોતાનાં ઇંડાંની પણ સંભાળ લેતાં નથી; તે બધું કામ કીડીઓનેજ કરવું પડે છે. માણસોની પેઠે તેઓ કુટુંબ બાંધી રહે છે, ને એક બીજાને તે મદદ કરે છે. આખો દિવસ તે કામ કર્યાં કરે છે. તેમનામાં સંપ ઘણો હોય છે. તેઓ વંદા જેવા મોટા જીવને પણ ઘસડીને લઇ જાય છે.

પાઠ ૧૨ મો. સમડી અને ગીધ

પ્ર૦ સમડી અને ગીધમાં શો તફાવત છે ?

ઉ૦ બંને એક વર્ગનાં પક્ષી છે. સમડી નાની હોય છે અને ગીધ મોટું હોય છે. બંનેની ચાંચ અણીદાર હોય છે, પણ ગીધની સીધી અને સમડીની જરા વળેલી હોય છે. ગીધને માથે અથવા ગરદને પીંછાં હોય છે; સમડીને તે નથી હોતાં. બંનેની નજર ઘણી ઝીણી છે, તેથી દુર પડેલો પદાર્થ તે જોઇ શકે છે. તેમના નહોર અણીદાર હોય છે સમડીને નાની અને ગીધને મોટી મોટી પાંખો

હોય છે, સમડી કરતાં ગીધનું શરીરપણું ભારે હોય છે. સમડી આકાશમાં ઘણે ઉંચે સુધી ઉડે છે અને ઘણી વખત આકાશમાં ફરતી રહે છે. ગીધનું શરીર ભારે હોવાથી તે આકાશમાં ઘણે ઉંચે જઇ શકતું નથી. તેમ વધારે વખત પણ તે ઉડી શકતું નથી.

પ્ર૦ સમડી શું શું કામ કરી શકે છે ?

ઉ૦ તેની નજર ઘણે લાંબે સુધી પહોંચે છે તેથી ભોંય ઉપર પડેલી વસ્તુ તે આકાશમાં ઘણે ઉંચે ચડતી હોય ત્યાંથી જોઇ શકે છે, તેથી જેમ આકાશમાં બાણ ફેંકે એવી રીતે ખુબ ઝડપમાં સીધી ને સીધી ભોંય ઉપર આવીને ઝડપ મારી પદાર્થને લઇ ચાલી જાય છે. તે મોટા સાપને પણ ઉંચકીને લઈ જઇ ખાઇ જાય છે.

પ્ર૦ સમડી ક્યાં રહેતી હશે ?

ઉ૦ ઝાડ ઉપર માળામાં; એનો માળો કરાંઠી, લાકડાં તથા નાની નાની ડાળીઓના કકડાનો બાંધેલો હોય છે.

પ્ર૦ ગીધ શું શું કામ કરે છે ?

ઉ૦ જનાવરો મરેલાં પડયા હોય તે કહોવા માંડે ત્યારે તેની દુર્ગંધ-થી ગમે ત્યાં હોવ તો પણ તે આવે છે ને તે જનાવરનું માંસ ફોલી ખાય છે, તેઓ માંસના મોટા મોટાં કકડાઓને પણ ગળે છે. તે ખરાબ અને કોહેલું માંસ ખાય છે, તે જોઇ આપણને કમકમાટ ઉપજે છે. તેઓ ઘણાં ખાઉધરાં છે.

પ્ર૦ ગીધ માણસ ઉપર શું ઉપકાર કરે છે ?

ઉ૦ મરેલાં પ્રાણીને તેઓ ખાઇ જાય છે, તેથી દુર્ગંધનો નાશ થાય છે, અને તેથી હવા બગડતી નથી.

પાઠ ૧૩ મો. ખીસકોલી અને સસલું.

પ્ર૦ ખીસકોલીના શરીરની રચના કેવી હોય છે?

ઉ૦ તેને ચાર પગ છે, પગે ઝીણા નહોર છે, આગલા પગ કરતાં પાછલા પગ લાંબા છે, તેથી તે ઠેકડા મારી શકે છે; પીઠ ઉપરનો રંગ ધોળો ને માંહે કાળો પટો ને કાળી છાંટ હોય છે. તેને એક પુંછડી છે. તેમાં કાબરચીતરા ઘણા વાળ છે. તેની ચીતારા લોકો ચીતરવાની પીછી બનાવે છે. દોડે છે ત્યારે અથવા બોલે છે ત્યારે પુંછડી શરીર ઉપર કમાનની પેઠે વાળે છે. બે ઉભા કાન છે તે વડે તે સાંભળી શકે છે, આંખો ઘણી ચકોર છે.

પ્ર૦ ખીસકોલી શું ખાતી હશે?

ઉ૦ દાણા તથા ગર્ભવાળાં ફળ અને કુમળી ટીશીઓ ખાઇ શકે છે. તે માંસ ખાઇ શકતી નથી, કેમકે તેને બીલાડીના જેવા અણીદાર દાંત નથી.

પ્ર૦ દુશ્મનથી બચવાનાં એની પાસે શાં સાધન છે?

ઉ૦ તેના કાન તથા આંખો બહુ ચકોર છે તેથી ઘણે છેટેથી તે દુશ્મનને જોઇ શકે છે વળી કાંઈ એવો અવાજ થાય છે કે તેમાંથી એને નુકસાન થાય એવું હોય તો તે છેટેથી પણ સાંભળી ઘણી ઝડપથી જતી રહે છે. તેની ચાલવાની ગતિ પણ ઘણી ઉતાવળી છે વળી ઝાડની પોલાણમાં કે છાપરાની છતમાં તે બચ્ચાં મૂકે છે.

પ્ર૦ સસલાના શરીરની રચના કેવી છે?

ઉ૦ સસલું વગડામાં જોવામાં આવે છે, તેના ચાર પગમાં આગલા

બે પગ કરતાં પાછલા બે પગ ઘણા મોટા છે, તેથી તે દોડી શકે છે, વળી તેના શરીરના પ્રમાણમાં કાન મોટા હોવાથી ઘણે છેટે જરાતરા થયેલો અવાજ સમજી જાય છે. એની પુંછડી ઘણી ટુંકી છે. તેના મોંઢા ઉપર મૂછ જેવા વાળ છે તે વતી તેને અંધારામાં પણ રસ્તો જડે છે. શરીરનો રંગ રાખોડી જેવો હોય છે. કેટલાકનો રંગ બદામી પણ હોય છે.

પ્ર૦ સસલાનો ખોરાક શું હશે?

ઉ૦ તે કુમળી ટીશીઓ તથા નાના કુમળા છોડ ને દાણા ખાય છે, ખેતરમાં ઉભાં અનાજ પણ બહુ ખાય છે એને ઉગતી શેરડી બહુ ભાવે છે.

પ્ર૦ સસલાનો સ્વભાવ કહો.

ઉ૦ તે બહુ બીકણ છે, તેથી માણસોનો સાદ સાંભળે અથવા તેની પાસે માણસ નીકળ્યો હોય તો તે જતું રહે છે. ખેતરના પાકને બહુ નુકસાન કરે છે, તે ઠેકડે ઠેકડે દોડતું જાય છે, ને પાછલા બે પગ માંડીને બેસે છે, તે નાનાં ઝાડની ઓથમાં અથવા ખેતરમાં કે કોઇ ખાડામાં પડયું રહે છે. સસલાં ખીસકોલી અને ઉંદર એ ત્રણે પ્રાણી કાતરી ખાનારાં જનાવર ગણાય છે.

પાઠ ૧૪ મો કુતરો.

પ્ર૦ કુતરાના શરીરના કયા કયા ભાગો છે?

ઉ૦ ચાર પગ, લાંબું અણીવાળું મોઢું, પુંછડી, ને બે કાન છે.

પ્ર૦ કુતરાની પુંછડી વિષે શું જાણો છો?

ઉ૦ સઘળા કુતરાની પુંછડી વાંકી હોય છે. તે રાજી હોય ત્યારે હ-

ભાવે છે ને બીજે ત્યારે પાછલા બે પગ વચ્ચે ઘાલી દે છે; પુંછડીને ગમે તેટલા ઉપાયો કરી સીધી કરીએ તો પણ વાંકીજ રહે છે.

પ્ર૦ કુતરાના પગનું વર્ણન કરો ?

ઉ૦ પગ ચાર છે તે લાંબા છે તથા તેની છાતી પહોળી છે, માટે તે બહુ દોડી શકે છે, દોડતી વખતે નહોર જમીન સાથે ઘસાવાથી અવાજ થાય છે, તેને આગલે પગે પાંચ પાંચ ને પાછલે પગે ચાર ચાર નહોર હોય છે તે નહોર વતિ જનાવર પકડી શકે છે.

પ્ર૦ કુતરાના મોંઢાનું વર્ણન કરો ?

ઉ૦ મોંઢુ લાંબું છે, તેના ઉપર બે નસકોરાં છે તેના વડે તે વાસ પારખી શકે છે, ને મોંમાં બે નીચે અણીવાળા દાંત છે તેને રાક્ષસી કહે છે. બીજા દાંત અણીવાળાં છે પણ દાઢો નથી તેથી ખોરાક ચવાતો નથી, પણ કકડા કળી જાય છે, વળી મોંમાં જીભ છે તે સુંવાળી અને ચળકતી છે; કુતરો જ્યારે બેઠો બેઠો હાંફતો હોય ત્યારે તેની જીભ બહાર રાખે છે; તે જીભ ઉપરથી પરસેવો બહાર ટપકે છે. પણ આપણી પેઠે ચામડી ઉપર પરસેવો છુટતો નથી.

પ્ર૦ કુતરાના કાનનું વર્ણન કરો ?

ઉ૦ તેને બે કાન છે અણીવાળા છે, ને તેમાં મચ્છર વગેરે પેસી ન શકે તેની તે બહુ સંભાળ રાખે છે.

પ્ર૦ કુતરો ખોરાકમાં શું ખાતો હશે ?

ઉ૦ કુતરા રાંધેલું ઘાસ તથા માંસ ખાય છે, માંસ ખાનારા કુતરા ઘણે ભાગે વગડામાંજ પડયા રહે છે. વળી તેને છાછ દુધ વગેરે પણ ભાવે છે.

પ્ર૦ કુતરાની ઉત્પત્તિ શી રીતે થાય છે ?

ઉ૦ કુતરામાં નર અને માદા એવી બે જાત છે.

માદાને કુતરી કહે છે, તે વીઆય ત્યારે પાંચ છ બચ્ચાં અવતરે છે. તેને કુરકુરીઆં કહે છે. જન્મે ત્યારે તેની આંખો બીડાએલી હોય છે, તે પાંચ સાત દહાડા પછી ઉઘડે છે; તે વખતે કુતરીને ખોરાક બહુ જોઇએ છીએ. કોઇ કુતરી તો વખતે તેનાં બચ્ચાં મારી નાંખે છે, પણ બીજાં કુતરાંકે માણસને ત્યાં આવવા દેતી નથી.

પ્ર૦ કુતરાનો સ્વભાવ કહો.

ઉ૦ તેને શીખવીએ તે શીખે એવું અને માયાળું પ્રાણી છે, તથા જેના ઘરનો રોટલો ખાધો હોય, તેનો ગુણ જવા દેતો નથી. એક શેરીનું કુતરૂં બીજી શેરીમાં જાય તો એક બીજા ઉપર અદેખાઇ કરે છે. રાત્રે તે નિમહકહલાલ ચાકર પેઠે કામ કરે છે, અને કોઇ અજાણ્યો આવે તો શેરીના માણસોને જગાડે ને રાડો પાડે છે. કોઇ વખતે તે રૂએ છે, ત્યારે બહુ ભયંકર લાગે છે.

પાઠ ૧૫ મો. કુતરાની જાતનાં પ્રાણી.

પ્ર૦ કુતરાની જાતનાં પ્રાણી ક્યાં છે?

ઉ૦ વરૂ એટલે નહાર, શિયાળ અને લોંકડી.

પ્ર૦ વરૂના શરીરનો દેખાવ કેવો છે ?

ઉ૦ પગ, મોઢું તથા શરીરનો ઘણો ભાગ કુતરાને મળતો આવે છે, તેના કાન અણીવાળા અને સીધા રહે છે, ડોકે બરછટ વાળ હોય છે, તેની ગરદન જાડી અને તેની પુંછડી સીધી હોય છે.

પ્ર૦ વરૂનું રહેઠાણ કયાં હશે ?

ઉ૦ એ પ્રાણી શિકારી છે તેથી ઘણું ખરૂં વગડામાંજ રહે છે. તે પહાડ અને ડુંગરામાં ઘેટાંના ટોળાની પછવાડે ફરતું રહે છે.

પ્ર૦ વરૂના સ્વભાવનું વર્ણન કરો.

ઉ૦ તે જરા બીકણ છે પણ દેખાવમાં બળવાન અને વિકરાળ જણાય છે. જ્યારે ખુબ ભૂખ લાગી હોય ત્યારે હિંમત રાખી માણસ ઉપર પણ હુમલો કરે છે, તેને લોહી બહુ ભાવે છે, શિકારે નીકળે ત્યારે તેની નાની ટુકડીઓ થઇ રહે છે,

પ્ર૦ શિયાળના શરીરનો દેખાવ કેવો છે ?

ઉ૦ તેના શરીરનો ભાસ કુતરાને મળતો આવે છે. તેનો રંગ કાબરચીતરો, બદામી અને કાળા રંગનો હોય છે. ડાચું વધારે અણીવાળું હોય છે, પુંછડીએ વાળનો જથ્થો, આંખો નાની, ગોળ અને જુરાશ પડતી હોય છે, પણ છેટે ઉભું હોય તો તે કુતરા જેવું જણાયછે

પ્ર૦ શિયાળના ગુણ કહો ?

ઉ૦ તે સમીસાંજમાં ગામની પાસે આવીને રાડો પાડે છે. તે રાત્રે ટોળાં થઇને શિકારે જાય છે, કોઇ વખતે લાગ ફાવે તો ગામમાંથી ઘેટાં કે બકરાંનાં બચ્ચાં અથવા કુકડાં લઇ જાય છે, તે બહુ પાકું અને લુચ્ચું છે. તે સિંહ અને વાઘની પાછળ બહુ ફરે છે. કેમકે તેમણે ખાઇને પડયો મુકેલો શિકાર તેને ખાવા મળે છે.

પ્ર૦ લોંકડીના શરીરનો ઘાટ કેવો છે ?

ઉ૦ એનો ઘાટ કુતરાને મળતો છે. તેના કાન વરૂના જેવા અણીદાર છે, પગ ટુંકા છે, આંખમાં બિલાડીના જેવી ઝાંક છે. માથું જરા ગોળ છે ને પુંછડીએ વાળનો ગુચ્છો છે.

પ્ર૦ લાંકડીમાં કયા ગુણ છે?

ઉ૦ એ રાત્રે એકલું શિકારે નીકળે છે, ને મરઘાં, સસલાં, ઉંદર વગેરેને ખાય છે, તે શિઆળના જેવું લચ્ચું છે, તેને શેરડી બહુ ભાવે છે. માટે વાડમાં બહુ નુકસાન કરે છે, વળી તેને દ્રાક્ષ બહુ ભાવે છે, તેથી તે દ્રાક્ષના માંડવામાં ચાલીને જાય છે, ને ઘણું નુકસાન કરે છે.

પાઠ ૧૬ મો. બિલાડી.

પ્ર૦ બિલાડીની જાતનાં પ્રાણી કયાં છે?

ઉ૦ સિંહ, વાઘ, દીપડો, કેમકે તેમના શરીરનો ઘાટ બિલાડીને મળતો છે, તથા તે બધાને નહોર છે, ને તે હિંસક એટલે શિકારને મારી ફાડી ખાનારાં છે.

પ્ર૦ બિલાડીના શરીરનો રંગ કેવો છે?

ઉ૦ તેનો રંગ કાળો ભુરાશ પડતો છે, ને તેમાં કાળાં કાળાં ટપકાં છે, તેથી તે કાબરચીતરી કહેવાય છે. તેની રૂવાંટી ઝીણી ને સુંવાળી છે.

પ્ર૦ બિલાડીના મોઢાનું વર્ણન કરો.

ઉ૦ મોંઢા ઉપર માણસની મુછોના જેવા વાળ છે. તે વાળથી સ્પર્શેન્દ્રિયનું જ્ઞાન થાય છે એટલે આપણી ચામડીથી જેવું જ્ઞાન થાય છે તેવું જ્ઞાન તેની મૂચ્છના વાળથી તેને થાય છે. જેમ આંધળા માણસને લાકડી ઉપયોગી છે તેવાજ ઉપયોગી એ વાળ છે. તેના મોંઢાની અંદર દાંત છે; તેમાં બે ઉપર ને બે નીચે એમ ચાર મોટી અણીવાળી રાક્ષસીઓ છે, તે

રાક્ષસીની વચ્ચે ઉપર ને હેઠળ ઝીણા ઝીણા દાંત છે. તે રાક્ષસી વડે પક્ષીઓને પકડીને ચીરે છે. વળી મોંમાં જીભ છે તે કાંટા કાંટા જેવી કરકરી છે તે વડે તે ખોરાક છોલીછોલીને ખાય છે.

પ્ર૦ બીલાડીના પગનું વર્ણન કરો.

ઉ૦ પગ ચાર છે, તે નહોરવાળા છે. આગલે પગે પાંચ પાંચ ને પાછલે પગે ચાર ચાર નહોર છે, તે નહોર તેની મરજી પ્રમાણે બહાર કાઢી શકે છે, જેમ મ્યાનમાં તરવાર રહી શકે છે તેમ તેના પંજામાં નહોર રહી શકે છે, વળી નહોર સંતાડયા પછી તે દોડે કે ચાલે તોપણ જરાએ અવાજ થતો નથી કેમકે તેના પંજાનાં તળીઆં પોચાં છે,

પ્ર૦ બિલાડીની આંખનું વર્ણન કરો.

ઉ૦ આંખમાં પાતળી લીટી જેવી કીકી હોય છે, તે રાત્રે હીરા જેવી ચળકે છે, ને થોડા અજવાળામાં તે જોઇ શકે છે, તેથી રાત્રે અંધારામાં પણ તે ઉંદરને પકડી શકે છે, પણ એવા થોડા-ઘણા અંધારામાં ઉંદર તેને જોઈ શકતા નથી.

પ્ર૦ બિલાડીમાં ક્યા ગુણો હોય છે.

ઉ૦ તે પોતાનાં બચ્ચાં ઉપર બહુ પ્રીતિ રાખે છે, કોઇ તેનાં બચ્ચાંને કનડે તો તેને તે નહોર બેસાડી દે છે, તેને ઘી તથા દુધ બહુ ભાવે છે, અને પોતાની અસલ જગ્યા ઉપર બહુ ભાવ રાખે છે, અસલ ઠેકાણું ફેરવવા ગમે તેટલી મહેનત કરશો તો પણ તે પાછી ત્યાંની ત્યાં આવીને ઉભી રહે છે.

પ્ર૦ ગામમાં રહેનાર બિલાડી અને જંગલી બિલાડીઓમાં શું તફાવત છે?

ઉ૦ ગામમાં રહેનાર બિલાડી નાની હોય છે, અને જંગલમાં રહેનાર બિલાડી મોટી હોય છે, જંગલી બિલાડી માણસનો આહાર કરીનેજ જીવે છે, પણ ઘરમાં રહેનાર બિલાડી તો રોટલા, રોટલી વગેરે રાંધેલું અનાજ તથા ઘી, દૂધ, દહીં તથા ઉંદર વગેરે પ્રાણીઓને ખાય છે.

પાઠ ૧૭ મો. બિલાડીની જાતનાં પ્રાણી.

પ્ર૦ સિંહના શરીરનું વર્ણન કરો ?

ઉ૦ બિલાડી કરતાં સિંહ ઘણો મોટો હોય છે; તે ઘણો વિકરાળ જણાય છે, તેને બિલાડીના જેવા નહોરવાળા ચાર પગ છે, તેમાં ફેર એટલોજ કે બિલાડીના પગના નહોર નાના અને સિંહના પગના નહોર મોટા હોય છે, આંખમાં બિલાડીના જેવી ફાટ હોય છે. તે અગ્નિના ગોળા જેવી ચળકે છે, ડોકા ઉપર લાંબા વાળનો ગુચ્છો હોય છે તેને અયાળ કહે છે. તે ખોરાક ખાતો હોય અથવા બગાસું ખાતો હોય ત્યારે તેના દાંત, રાક્ષસીઓ વગેરે જોયું હોય તો તે બિલાડીના જેવુંજ જણાય છે.

પ્ર૦ સિંહમાં કયા ગુણ છે ?

ઉ૦ તે હિંસક અને ઘણું ભયંકર પ્રાણી છે. તેને જોઈનેજ ઘણો ત્રાસ ઉપજે છે, તે જનાવરોનો અને માણસનો પણ શિકાર કરે છે, તે ધરાઈને બેઠો હોય ત્યારે તે શિકારને અડતો નથી, તેની ચીસ ઘણી કારમી છે, ચોમાસામાં વરસાદની ગર્જના થાય ત્યારે તે બહુજ રાડો પાડે છે. સઘળાં હિંસક પ્રાણીમાં સિંહ ઘણું જોરાવર પ્રાણી છે.

પ્ર૦ વાઘના શરીરનું વર્ણન કરો.

ઉ૦ વાઘ સિંહ કરતાં લાંબો વધારે છે. પણ તે નીચો અને શરીરે જરા પાતળો છે. એના શરીર ઉપર બહુ શોભીતા વાળ છે. તેમાં કાળા પટ્ટા હોય છે, તેથી તે બહુ શોભાયમાન જણાય છે, બિલાડીના જેવા તેને નહોરવાળા ચાર પગ છે પણ તે બિલાડીના કરતાં મોટા હોય છે. તેની પુંછડી બિલાડીના જેવીજ હોય છે, તેના મોંમાં બહુ જબરી ચાર રાક્ષસીઓ હોય છે.

પ્ર૦ વાઘના ગુણનું વર્ણન કરો.

ઉ૦ તે શિકાર પકડવાને છુપાતો છુપાતો ચાલે છે, તે લોહીનો બહુ સવાદીઓ છે, એકવાર લોહી ચાખે તો તે પદાર્થ ખાવાને બહુ મહેનત કરે છે. તે પોતાની લાંબી તલપે શિકારને ઝટ પકડી લે છે, એને તૃપ્તિ થતી નથી, કારણ કે તે ખાઇને બેઠા હોય તોપણ જો કોઇ શિકાર નજરે પડે તો તેને તે પકડવા તૈયાર થાય છે.

પ્ર૦ દીપડા વિષે જાણવા જેવું શું છે?

ઉ૦ એ પણ હિંસક પ્રાણી છે, તે ઘણું ચંચળ અને બળવાન છે. તેનો ઘણોખરો ઘાટ બિલાડીના જેવોજ છે, તેના શરીર ઉપરનો રંગ ઝાંખો પીળો તથા તેના ફૂલના આકારનાં ગોળ અને કાળાં ચાઠાં હોય છે, તેઓ જંગલ અને ડુંગરમાં રહે છે, ને ઢોર તથા માણસની આડે આવીને પકડે છે. શિકાર ઉપરજ તેમનું જીવન છે.

પાઠ ૧૦ મો. હાડકાં અને માંસના લોચા.

પ્ર૦ કેટલાંક પ્રાણીનાં શરીર કઠણ હોય છે તે કેટલાંકનાં પોચાં હોય છે તેનું કારણ શું?

ઉ૦ માણુસ, બળદ, કુતરા, વાઘ, સિંહ વગેરે પ્રાણીઓના શરીરમાં હાડકાં હોય છે, તેથી તેમનાં શરીર કઠણુ હોય છે. તે બધાં કરોડ-વાળાં પ્રાણી ગણાય છે. ગોકળગાય, કરોળીઆ, પતંગીઆ, ઇયળ વગેરેના શરીરમાં હાડકાં હોતાં નથી અને એકલું માંસજ હોય છે, તેથી તેમનાં શરીર પોચાં હોય છે.

પ્ર૦ આપણા શરીરમાં કેટલા હાડકાં હોય છે ને તે શી રીતે ગણી શકાય છે ?

ઉ૦ માણુસના શરીરમાં ૨૪૬ હાડકાં છે, જાનવરોના શરીરમાં પણ તેજ પ્રમાણે હોય છે. જ્યારે શરીરમાંનું માંસ કાઢી લેવામાં આવે ત્યારેજ હાડકાં ગણી શકાય. માથાનાં, ગરદનનાં, હાથનાં, પગનાં, કરોડનાં, પાંસળીઓ, આંગળીઓનાં, કાંડાનાં ને બીજાં ઘણાંએ હા-ડકાં છે; તે બધા નાના નાના કકડા સંધાઇને એક આખું શરીર બનેલું છે, તે શરીરને હાડપિંજર એટલે હાડકાંનું પાંજરૂં કહે છે.

પ્ર૦ શરીર શાથી શોભીતું જણાય છે ?

ઉ૦ શરીરમાં માંસ તથા ચરબીનો ભાગ વધારે હોય તો શરીર ભરાવા-દાર લાગે છે, પણ જો તે ન હોય તો એકલો હાડકાંનો માળો હોવાથી શરીર કદરૂપું જણાય છે.

પ્ર૦ શરીરમાં હાડકાંનો શો ઉપયોગ છે ?

ઉ૦ હાડકાંને લીધે શરીરમાં કૌવત હોય છે. હાડકાંનું ખોખું પેટી જેવું છે. જેમ કીમતી ચીજો સાચવવા માટે તેને આપણે પેટીમાં રાખીએ છીએ, તેમ શરીરમાંનાં અગત્ય અવયવો એ હાડકાંના ખોખામાં ગોઠવેલા છે; ખોપરી નીચે મગજ, આંખ અને કાન છે, પાંસળાંની અંદર ફેફસાં અને હૃદય, ને થાપાની અંદર કુક્કો હોય છે; ખોખામાં આ બધાનું પેટીમાંની વસ્તુની પેઠે સંરક્ષણ થાય છે.

પ્ર૦ શરીરના સઘળા સાંધા વાળીએ છીએ તેમ વળે છે ને હાલે ચાલે છે તેનું કારણ શું ?

ઉ૦ હાડકાં પર માંસ હોય છે તે માંસપેશી નામના પદાર્થનું હોય છે, માંસ પેશી રેસાની બનેલી છે, ને રબર જેવી છે. રબરની પેઠે તે લાંબી ટુંકી થઇ શકે છે, હાથ ઉંચો કરીએ ત્યારે માંસપેશી સંકડાય છે ને ગોટલા બાઝે છે, માંસપેશીને માંસના લોચા પણ કહે છે. બધા પ્રાણીઓમાં એજ પ્રમાણે માંસના લોચા લાંબા ટુંકા થાય છે.

પાઠ ૧૯ મો. ચામડી.

પ્ર૦ શરીરનું કુદરતી ઢાંકણ કયું છે ?

ઉ૦ કુદરતી ઢાંકણ ચામડી છે. ચામડીને નીચે હાડકાં, માંસ, માંસપેશી, તથા અંદરના બીજા ભાગોનું રક્ષણ થાય છે, અને શરીર સુંવાળું લાગે છે.

પ્ર૦ ચામડીનાં કેટલાં પડ હોય છે ?

ઉ૦ બે. એક ઉપલું અને બીજું નીચલું પડ.

પ્ર૦ ઉપલા પડ વિષે શું જાણો છો ?

ઉ૦ દાઝવાથી ફોલ્લો ઉઠે છે ત્યારે તથા શરીરે ઢીંમણાં તથા ફોલ્લા થાય છે અથવા ગોડ નીકળે છે, ત્યારે ઉપલું પડ ઉપસી આવે અને ખેંચાય છે; એ પડમાં લોહી હોતું નથી, તેથી તેને ચીરીએ કે કાપીએ તો દુઃખ થતું નથી, ધીમે ધીમે ને કકડે કકડે એ ચામડી ખરી પડે છે, ઘા રૂઝાતો જાય છે, ને નવી ચામડી આવે છે, નવી ચામડી શરીરની સાથે એવી મળી જાય છે કે દર્દ કયાં હતું તેની નિશાની પણ રહેતી નથી.

પ્ર૦ નીચલા પડ વિષે શું જાણો છો ?

ઉ૦ નીચલું પડ ઘણું કોમળ છે. એમાં કાંઇ અણી ભોકાય તો દરદ થાય છે. ઉપલી ચામડી ઉતરી જાય છે કે કાતરી નાંખીએ, ત્યારે નીચલા પડને અડકીએ તો ખમાતું નથી. આમાં પુષ્કળ લોહી હોવાથી લાલ જણાય છે. તે કોમળ હોવાથી તેને ઉપલા પડના ઢાંકણની જરૂર છે.

પ્ર૦ ચામડીની રચના દાખલો લઇ સમજાવો.

ઉ૦ ઓસીકાનો દાખલો લેવાથી ચામડીની રચના બરાબર સમજાશે. ઓસીકામાં રૂ છે તેમ શરીરમાં માંસ છે. રૂને એકઠું કરી રાખનાર ખોળાઉં છે તેમ માંસનું રક્ષણ કરનાર ચામડીનું હેઠલું પડ છે, વળી ખોળાઉ મેલું ન થાય માટે ગલેફ ચઢાવીએ છીએ, તેમ નીચલા પડને ઇજા ન થાય માટે ચામડીનું ઉપલું પડ છે.

પ્ર૦ શરીર ઉપર ચામડી એક સરખી હશે કે ?

ઉ૦ ના, હથેળીના તથા પગના તળીઆની ચામડી ઘણી જાડી હોય છે. શરીરનો જે ભાગ હવામાં ખુલ્લો રહે છે, તથા જેને વધારે મહેનત પડે છે, તે બહુ જાડી અને સખત થાય છે, એજ કારણથી મજુરોના હાથ પગ ચામડા જેવા સખત હોય છે.

પ્ર૦ ચામડીનો શો ઉપયોગ છે ?

ઉ૦ ચામડી શરીરને શોભીતું કરે છે, તથા શરીરના અવયવોનું રક્ષણ કરે છે, શરીરમાંનો પરસેવો બહાર કાઢે છે, ચામડીમાં જે કાપા ને છિદ્રો હોય છે તેમાં થઇને શરીરનો મેલ પરસેવા રૂપે બહાર નીકળે છે; પરસેવાની સાથે તેલ નીકળે છે તે શરીરનું સુંવાળું બનાવે છે, વળી ચામડીમાં વાળ ઉગે છે તે તેનું રક્ષણ કરે છે અને ગરમ રાખે છે.

પ્ર૦ પ્રાણીઓની ચામડી જાડી છે કે પાતળી તે શા ઉપરથી પારખી શકશો ?

ઉ૦ જે પ્રાણીઓના ડીલ ઉપર પુષ્કળ વાળ હોય છે, તેની ચામડી પાતળી હોય છે, જે પ્રાણીના ડીલ ઉપર વાળ ઓછા હોય છે તેની ચામડી જાડી હોય છે. હાથીને થોડા વાળ હોય છે ને ગેંડાને નહિ જેવા હોય છે, તેથી હાથીના કરતાં ગેંડાનું ચામડું ઘણું જાડું હોય છે. ટાઢની ઋતુમાં તેમને ટાઢ વાતી નથી, બકરાં અને ઘેટાંને વાળ ઘણા હોય છે, માટે તેમની ચામડી પાતળી હોય છે.

પાઠ ૨૦ મો. ચામડું.

પ્ર૦ જોડા શાના બનતા હશે ?

ઉ૦ ચામડાના.

પ્ર૦ કેવા ચામડાના જોડા બનાવતા હશે ?

ઉ૦ જોડાનું ચામડું કમાવેલું હોય છે. કમાવ્યા વિનાનું ચામડું ભેજવાળું અને નરમ હોય છે, ચામડાને ન સુકવે તો કોહી જાય અને ઘણું સુકવે તો ખરબચડું થાય છે, તરડે છે, ને ઘડી વાળીએ તો તૂટી જાય છે. કમાવેલું ચામડું સુંવાળું અને નરમ થાય છે ને તૂટતું નથી. વળી હલકું ને ટકાઉ થાય છે, તેમાં પાણી ઉતરી શકતું નથી.

પ્ર૦ ચામડાને શી રીતે કમાવતા હશે ?

ઉ૦ જાનવરો મરી જાય તેનું ચામડું ઉતારી લઇ ચુનાના પાણીમાં બારથી પંદર દહાડા સુધી પલાળી રાખે છે, તેથી ઉપલા વાળ

ખરી પડે છે; પછી એક વાસણમાં પાણી ભરી તેમાં બાવળની છાલ અને હરડાં બેઢાંનો ભુકો નાંખી એક રસ કરી ચામડાં બોળી રાખે છે; તેને દશ પંદર દહાડા કેડે બહાર કાઢે છે; તેના કોથળા, કોથળીઓ સીવે છે. ફરી તેમાં ઉપલો મસાલો ભરી સાત આઠ દિવસ સુધી તેને ટાંગી રાખે છે. ત્યાર પછી તેને ધોઈ તેલ ચોપડી સુકવે છે, સુકવ્યા પછી તેને રાંપીથી સાફ છે, એટલે ચામડું તૈયાર થાય છે.

પ્ર૦ ચામડાની શી શી વસ્તુઓ બનાવે છે ?

ઉ૦ ઘોડાનાં જીન, જોડા, ચોપડીઓનાં પુઠાં, હાથનાં મોજાં, કોસ, પાણીની પખાલ, વરત વગેરે.

પ્ર૦ બધી વસ્તુઓનું ચામડું એકજ જાતનું હશે ?

ઉ૦ ના. હાથના મોજાનું ચામડું કુમળું હોય છે, ને જીન તથા જોડાનું ચામડું સખત હોય છે.

પ્ર૦ કુમળું કે સખત ચામડું શી રીતે કરતા હશે ?

ઉ૦ જુદાં જુદાં પ્રાણીઓનાં ચામડાં કમાવ્યા પછી વધારે ઓછાં કુમળાં થાય છે. ડુક્કરની ચામડીનાં જીન થાય છે તે સખત હોય છે; બકરાંનાં ચામડાંનાં પુઠાં બને છે; બકરીનાં બચ્ચાંનાં ચામડાંના હાથનાં મોજાં થાય છે; કોસ તથા જોડા બળદનાં ચામડાંના થાય છે; ભેંસ, પાડા અને ઊંટનાં ચામડાંની પાણીની મસકો થાય છે.

પાઠ ૨૧ મો. ઊન.

પ્ર૦ ઊનને લુગડાં વણવા લાયક શી રીતે બનાવે છે?

ઉ૦ ઘેટાંના શરીર ઉપર જે વાળ ઉગે છે તેને ઊન કહે છે. ઘેટાંના શરીર ઉપરથી વરસમાં બે વાર ઊન કાતરી લેવામાં આવે છે. કાતરેલું ઊન એકઠું કરીને ગાંસડીમાં બાંધીને સાફ થવા મોકલે છે. તે કાંતવા જેવું સાફ થયા પછી તેનું કાપડ વણાય છે. દરેક ઘેટા ઉપરથી શેરથી બશેર સુધી ઉન ઉતરે છે, તેના મણ એકના રૂપીઆ ૧૫ સુધી ઉપજે છે.

પ્ર૦ ઊનની કયી કયી જાતો છે?

ઉ૦ ઝીણું અને જાડું. ઘેટાંને રહેવાને જુદા જુદા રહેઠાણમાં પડતી ટાઢ અને તડકાથી ઊનની જાતમાં ફેર પડે છે; તેમજ એકજ ઘેટાના જુદા જુદા અવયવ ઉપર થતા ઊનમાં પણ ફેર પડે છે.

પ્ર૦ ઊનના સાધારણ ગુણો કયા છે?

ઉ૦ (૧) તેને દાબીએ તો દબાય છે ને પાછું હતું તેવું થઇ જાય છે માટે તે સ્થિતિસ્થાપક કહેવાય છે. (૨) રંગે ધોળું તથા કાળું છે, ધોળા ઘેટાનું ધોળું ને કાળા ઘેટાનું કાળું હોય છે; પણ જે જુદા જુદા રંગનું ઊન આવે છે તે તો રંગ ચઢાવેલું હોય છે. (૩) આપણા શરીરની ગરમી બહાર જવા દેતું નથી, તેમ બહારની ગરમી કે ઠંડી શરીરમાં આવવા દેતું નથી તેથી તે મંદવાહક છે. (૪) વાસ વગરનું (૫) સુંવાળું.

પ્ર૦ ઊન મેળવવા માટે ઘેટાની કેવી સંભાળ રાખવામાં આવે છે?

ઉ૦ આપણા ભરવાડ ઘેટાંની કાંઇ સંભાળ લેતા નથી, ફક્ત જ્યારે ઊન ઉતારવાનું હોય છે ત્યારે ઘેટાંને નવરાવી તડકે ઉભાં રાખી

કાતરે છે; તેથી આપણા દેશના ઘેટાંનું ઉન જાડું ઉતરે છે, પણ વિલાયતમાં ટાઢ તડકાથી ઘેટાંનું રક્ષણ કરવા તેમને અંધીઆર જગ્યામાં પુરે છે. તથા તેમને વારંવાર સાબુ અને ગરમ પાણીથી નવરાવે છે તેથી તેમનું ઘણું ઉન ઉતરે છે; તે ઉન ઝીણું અને સુંવાળું થાય છે, તેથી તેનાં ઉંચી જાતનાં લુગડાં બને છે.

પ્ર૦ ઝીણું ઉન શા કારણથી થાય છે?

ઉ૦ ઇંગ્લાંડ, કાશ્મીર અને હિમાલય જેવા ઠંડા મુલકમાં બહુ ઝીણું ઉન થાય છે, તે ઘેટાં ઉપર પરમેશ્વરની કૃપા જાણવી. કારણકે જાડા કરતાં ઝીણું ઉન પોતાનામાં ગરમી વધારે રાખી શકે છે. તેથી એવા ઠંડા મુલકોમાં ટાઢ વાતી નથી.

પ્ર૦ ઠંડા મુલકમાં તથા ટાઢમાં ગરમ લુગડાં પહેરવાનું કારણ શું?

ઉ૦ ઉનનાં લુગડાં પહેરવાથી ટાઢ વાતી નથી. ઉન જાતે ગરમ નથી, પણ તેમાં મંદવાહકનો ગુણ છે; એટલે ઉનનું લુગડું શરીરમાંથી ગરમી બહાર નીકળી જવા દેતું નથી. તેમ બહારની ટાઢ શરીરમાં દાખલ થવા દેતું નથી. તેથી તેવાં લુગડાં પહેરવાથી ટાઢ વાતી નથી.

પ્ર૦ ઉનનાં કયી કયી જાતનાં લુગડાં બને છે?

ઉ૦ આપણા દેશનું ઉન જાડું છે તેથી તેના કામળા, કામળી, ધાબળા, ધાબળીઓ તથા ભરવાડ લોકોને પહેરવાના લુગડાં તથા મોલીઆં બનાવે છે; ને ઇંગ્લાંડ જેવા ઠંડા મુલકમાં ઝીણું ઉન ઉતરે છે, તેને કાંતીને બનાત, ફલાલીન, શાલ તથા રંગીન દોરા બનાવે છે, તે ઝીણા ઉનનાં લુગડાં દેખાવમાં ઘણાં ફુમાશદાર હોય છે; તેથી તેની કીંમત ઘણી બેસે છે.

પ્ર૦ ઉનનાં લુગડાંની કેવી રીતે સંભાળ રાખવી જોઈએ ?

ઉ૦ ઉનનાં લુગડાંની બહુ સંભાળ રાખવી જોઇએ. તેને વખતો-વખત તડકો ખવરાવવો તથા તેને ઘડી વાળીને મુકતી વખતે તેમાં લીંમડાનાં પાંદડાં મુકવાં, તેથી તેમાં જીવ ઉત્પન્ન થશે નહિ. તેમ ન કરવામાં આવે તો તેમાં ઉધઇ તથા વાંતરી જેવા જીવ પડીને લુગડાં કાતરી ખાય છે.

પાઠ ૨૨ મો ઘર.

પ્ર૦ ઘર બાંધવાનું કારણ શું ?

ઉ૦ ઘર એ માણુસનો વિશ્રાંતિનો આશ્રય છે, તેમાં નિશ્ચિંત થઈને રહેવાય છે. ઉઘાડામાં રહેવાથી, જીવજંતુની, જંગલી પ્રાણીની, ચોરની, ટાઢ, તડકા અને વરસાદની ઘણી બીક રહે છે. એ બીકથી દૂર કરવા, ને સુખેથી પોતાનો ધંધો કરવા કોઈ પણ જાતના આશ્રમની જરૂર છે. તે આશ્રમ તેજ ઘર, માટે ઘર બાંધવુંજ જોઈએ.

પ્ર૦ ઘર કયી કયી જાતનાં બાંધવામાં આવે છે ?

ઉ૦ (૧) પત્થરને ચુના વડે બાંધેલાં, તથા તેમાં જોઈતી સગવડ રાખેલી હોય તેવાં; (૨) માટીથી બાંધેલાં, (૩) લાકડાંથી બાંધેલાં; (૪) પતરાનાં બાંધેલાં, [૫] કાળી લોકોનાં કુબા જેવાં, (૬) છાજનાં ઝુપડાં, (૭) ભોંયરાં. (૮) ચીના લોકોની પેઠે વહાણુમાંજ ઘર બાંધીને રહેવું તે, [૯] ઠેકાણે ઠેકાણે દેરા તંબુ બાંધી તેમાં વાસ કરીને રહેવું તે; વગેરે ઘણી જાતનાં ઘર બાંધે છે, પણ જેમાં બધી જાતની સગવડ રાખવામાં આવે છે તે ઘર સારાં ગણાય છે.

પ્ર૦ કેવાં ઘર સોઇવાળાં ગણાય ?

ઉ૦ મીઠા પાણીયો વગ પાસે હોય, છાપરૂં એવું બંધાવેલું હોય કે શરદી કે તાપ લાગે નહિ, ચોખ્ખી હવાની આવજા માટે પુરતાં બારી, બારણાં ને જાળીયો હોય, ઘરનો એંઠવાડ અને મેલું પાણી જવા માટે ગટર બંધાવેલી હોય, આંગણામાં પુરતી છુટ રાખેલી હોય, બારણા આગળ નાનો બાગ બનાવેલો હોય, ઓતરાતા કે ઉગમણા બારણાનાં ઘર બંધાવેલાં હોય, જમવાનો. બેસવા ઉઠવાનો, લખવા વાંચવાનો, વગેરે ઓરડા જુદા બાંધેલી હોય, રસોડામાં ઉપર ધુમાડીઉં તથા જાળીઉં રાખેલું હોય અને અનુકુળતા પ્રમાણે દરેક માળે ચોકડી તથા જાજરાં બાંધેલાં હોય તે સોઇવાળાં ઘર ગણાય.

પ્ર૦ ઘર બાંધવામાં કયી વાત ધ્યાનમાં રાખવી ?

ઉ૦ ઘર ઉંચી જમીન ઉપર બાંધવું, તેથી ચોમાસામાં ભેજ થઇ શરદી થાય નહિ; આસપાસ ગંધાતાં પાણીનાં ખાબોચીઆં તથા ઉકરડા અને ગીચ વસ્તી નહિ જોઈએ, કેમકે તેથી હવા બગડવાની બીક રહે છે, ઘરની ઉભણી સાધારણ જમીન કરતાં ઉંચી રાખવી: તેથી ચોમાસામાં બહારનું પાણી ઘરમાં આવી શકે નહિ, બહારનું પાણી આવવાથી ઘરમાં ભેજ થાય ને તેથી સળેખમ, શરદી, લકવા વગેરે રોગ થાય ને વૈદનો પગ ઘરમાંથી કોઇ દિવસ નીકળે નહિ; ખુલી હવાની આવજા થઇ શકે માટે બારી બારણાં અને જાળીઆં રાખવાં; ઘરની આસપાસ ઝાઝાં ઝાડ ન જોઇએ.

પ્ર૦ ઉછરતી પ્રજાના મનપર સારી છાપ પાડવા માટે ઘરમાં શું કરવું જોઇએ ?

ઉ૦ ઘરમાં ચોકખાઇ રાખવી, કચરો કે ગંદવાડ થવા દેવો નહિ: ઘરનો તમામ સામાન અને વસ્તુઓ વ્યવસ્થિત રીતે ગોઠવવી જોઇએ; અનેક જાતનાં સારી અસર કરે તેવાં ચિત્રો ભીંતો ઉપર રાખવાં અગર તેવી છબીઓ ટાંગી રાખવી; અનેક જાતનાં પ્રદર્શન રાખવાં, અને લીંપાવી ધોળાવી ઘરની મરામત રાખવી.

પાઠ ૨૩ મો. વખત જાણવાની અસલી રીત.

પ્ર૦ હાલમાં વખત જાણવા માટે કયું સાધન વપરાય છે?

ઉ૦ ઘડિઆળ.

પ્ર૦ જુના વખતમાં વખત જાણવા માટે શી યોજના થતી?

ઉ૦ ૧ વાડકાથી, ૨ છાયાયંત્રથી અને કલાક કે અર્ધો કલાક જણાવનારી રેતી ભરેલી કાચની શીશીથી વખતનું પ્રમાણ કઢાતું

પ્ર૦ વાડકાથી વખત શી રીતે જાણતા?

ઉ૦ વાડકાને તળીએ ઝીણું કાણું પાડેલું હોય છે, તેને પાણી ભરેલા કુંડામાં કે તપેલામાં મુકતા, તેથી કાણા વાટે પાણી વાડકામાં ભરાતું, વાડકો પાણીથી ભરાઉને ડુબી જાય એટલે એક ઘડી ગણાતી; એવી આઠ ઘડીનો એક દિવસ થતો.

પ્ર૦ દિવસના કલાક કેટલા ગણાય છે?

ઉ૦ ચોવીસ.

પ્ર૦ ત્યારે એક કલાકની ઘડી કેટલી થાય?

ઉ૦ અઢી.

પ્ર૦ એક ઘડી એટલે મિનિટ કેટલી થાય?

ઉ૦ ચોવીસ.

પ્ર૦ છાયાયંત્ર શી રીતે બનાવેલું હશે ?

ઉ૦ એક પતરામાં અગર પાટીઆ ઉપર અર્ધગોળ આકાર કાઢવામાં આવે છે, તેના મધ્યબિંદુમાં એક લાંબો ખીલો રોપવામાં આવે છે, અર્ધગોળના પરિઘના બાર સરખા ભાગ કરી ડાબા બાજુએથી છેડા ઉપર ૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧-૨-૩-૪-૫-૬ એમ અનુક્રમે આંકડા માંડેલા હોય છે; મધ્યબિંદુમાં જે ખીલો રોપેલો હોય છે તે અવરકાંટો જાણવો; એમાં મિનિટ જાણવાનું સાધન હોતું નથી.

પ્ર૦ છાયાયંત્રનો ઉપયોગ કરવાની રીત સમજાવો.

ઉ૦ આંકડા માંડેલો અર્ધગોળ તડકામાં દક્ષિણ દિશામાં એવી રીતે ગોઠવવો કે છનો આંકડો બરાબર પૂર્વ પશ્ચિમ સીધી લીટીમાં આવે, પછી મધ્યબિંદુમાં રોપેલી ખીલાની છાયા જે આંકડા ઉપર પડે, તેટલા વાગ્યા છે એમ જાણવું.

પ્ર૦ રેતીની શીશી શી રીતે બનાવી હશે ?

ઉ૦ મદારી લોકોની ડુગડુગી જેવા રેતીવાળી શીશીનો ઘાટ હોય છે. તેની એક બાજુએ રેતી ભરેલી હોય છે. બે શીશીઓનાં મોં વળગેલાં હોય છે ત્યાં ઝીણો વેહ હોય છે, તે વેહ વાટે રેતી ઉપલી શીશીમાંથી નીચલી શીશીમાં ઉતરે છે. એ રેતી ગરી રહેતાં એક કલાક લાગે એટલીજ ભરેલી હોય છે. જોડેલી શીશીઓ લાકડાના ચોકઠામાં જડેલી હોય છે.

પ્ર૦ શીશીથી વખત શી રીતે જણાય ?

ઉ૦ શીશીથી વખત જાણવાનો હોય ત્યારે શીશી પાસે એક માણસ રાખવો પડે છે, તે શીશી પૂરી થાય એટલે જેટલા વાગ્યા હોય તેટલા ટકોરા ઘડીઆળ (કાંસાનું) માં મારે છે, ને શીશી

ફેરવે છે. એ પ્રમાણે રાત ને દિવસ તેના પર ધ્યાન રાખીને શીશી ફેરવતો જાય છે ને જેટલા વાગ્યા હોય તેટલા ટકોરા વગાડે છે.

પ્ર૦ એ ત્રણે પ્રકારની વખત જાણવાની રીતોમાં રાત્રે નકામી કઇ?

ઉ૦ છાયાયંત્ર.

પ્ર૦ ત્રણેમાં સરળ અને સગવડવાળી રીત ગઇ?

ઉ૦ શીશીની રીત સગવડવાળી ગણાય.

પ્ર૦ શીશીઓનો ઉપયોગ ક્યાં થાય છે?

ઉ૦ ગામડાની નિશાળો, દેવમંદિરો વગેરે સ્થળોએ.

પાઠ ૨૪ મો. વખત જાણવાની નવી રીત.

પ્ર૦ ઘડિઆળો ઘણું કરીને ક્યાં જોવામાં આવે છે?

ઉ૦ શહેરોમાં લોકો પાસે નાનાં ખીસા ઘડિઆળ હોય છે, કચેરીઓમાં, ગૃહસ્થોનાં મકાનમાં, દેવમંદિરોમાં, નિશાળોમાં, દીવાલ ઉપર ચોઢવાનાં મોટાં ઘડિઆળ હોય છે. વળી શોખીન લોક કાંડા ઉપર નાનાં ઘડિઆળ બાંધે છે.

પ્ર૦ ઘડિઆળ કઇ કઈ જાતનાં હોય છે?

ઉ૦ ૧. નાનાં ખીસા ઘડિઆળ, ૨. મોટાં વાગતાં દીવાલ ઉપર ચોઢવાનાં, ૩ સ્ટેશનો અને ઓફિસોમાં દીવાલ ઉપર ચોઢવાનાં નહિ વાગતાં, ૪. ટેબલ ઉપર મૂકવાના ડબ્બા, ૫. મોટાં મકાનો ઉપર મૂકવાનાં આખા ગામમાં સંભળાય તેવાં ટાવર, ૬. કાંડા ઉપર કે વીંટીમાં જડવાનાં નાનાં ઘડિઆળ.

પ્ર૦ ઘડિઆળ જોવાની રીત સમજાવો.

ઉ૦ ઘડિઆળના સફેદ ચંદા ઉપર બાર આંકડા મૂકેલા હોય છે. તે આંક આપણી ભાષાના કે અંગ્રેજી ભાષાના નથી હોતા. (કોઇક ઘડિઆળમાં અંગ્રેજી પણ હોય છે.) પણ રોમન ભાષાના હોય છે. એ આંકડાઓ ૧ થી ૧૨ સુધી અનુક્રમે આ પ્રમાણે છે. I, II III, IIII, V, VI, VII, VIII, IX, X, XI. XII. ઘડિઆળના ચંદા ઉપર ફરતા બે કાંટામાંનો એક નાનો કાંટો હોય છે અને બીજો મોટો હોય છે. નાનો કાંટો ધીમો ચાલે છે, અને મોટો ઉતાવળો ચાલે છે. નાનો કાંટો કલાક દર્શાવે છે, અને મોટા કાંટા ઉપરથી મિનિટ જણાય છે. ઘડિઆળ જોતી વખતે પ્રથમ નાનો કાંટો કયા આંકડા ઉપર છે તે જોવું. જે અંક ઉપર હોય તેટલા કલાક સમજવા; પછી મિનિટ કાંટો જોતાં જે આંકડા ઉપર હોય તેનાથી પાંચ ઘણી મિનિટ સમજવી. એક અંકથી બીજા અંક સુધીમાં નાના નાના પાંચ આંકા હોય છે. તેટલી મિનિટ ઉમેરી લેવી.

જોવાની સરળતા માટે ઘડિઆળ હંમેશ ઉભું એટલે બારનો આંકડો (XII) ઉપર રહે તેમ રાખવું.

પ્ર૦ કલાક કાંટો V થી આગળ વધી ગયો છે, અને મિનિટ કાંટો II ઉપર છે ત્યારે કેટલા વાગ્યા હશે ?

ઉ૦ પાંચ ઉપર ૧૦ મિનિટ.

પ્ર૦ કલાક કાંટો XI ઉપર છે અને મિનિટ કાંટો X ઉપર છે. ત્યારે કેટલા વાગ્યા હશે ?

ઉ૦ મિનિટ કાંટો XII (બાર) ઉપર આવે ત્યારે આખો કલાક પુરો થાય પરંતુ બે ખાનાં પાછળ છે માટે ૫×૨=૧૦ મિનિટ ઓછી માટે "૧૧ માં દશ કમ" કહેવાય.

પ્ર૦ VIII ઉપર કલાક કાંટા અને મિનિટ કાંટા XII પછીના ખાનામાં ચોથા આંકા ઉપર છે તો કહો કેટલા વાગ્યા હશે?

ઉ૦ આઠ ઉપર ચાર મિનિટ.

પ્ર૦ કલાક અને મિનિટ કાંટાનો વેગ સરખાવો.

ઉ૦ કલાક કાંટા એક અંક ઉપરથી બીજા ઉપર જાય એટલે આખા કુંડાળાના બારમા ભાગ જેટલું જાય તેટલા વખતમાં કલાક કાંટા આખું કુંડાળું ચાલે છે. એટલે કલાક કાંટા ૬૦ મિનિટભાગ જેટલું ચાલે તેટલામાં અવરકાંટા પાંચ મિનિટભાગ જેટલું ચાલે.

પ્ર૦ ઘડિઆળની રચના સમજાવો.

ઉ૦ ઘડિઆળના ચંદા ઉપર મિનિટ કાંટા અને કલાક કાંટા બધાં ઘડિઆળોમાં હોય છે, નાનાં ઘડિઆળોમાં કવચિત્ સેકંડ કાંટા પણ હોય છે. વળી મોટાં ઘડિઆળોમાં કેટલાકમાં તારીખનો કાંટા હોય છે. એ બધા કાંટા નિયમિત ફરે તેને માટે ઘડિઆળની દાબડીની અંદર યંત્રો ગોઠવેલાં હોય છે. તે યંત્રોને જોઇતી ગતિ એકી વખતે આપવામાં આવે છે. કેટલાંક ઘડિઆળને નાનાં ઘડિઆળ અને ડબામાં દરરોજ ચાવી આપવી પડે છે, અને મોટામાં અઠવાડીઆની ચાવી ઘણું કરીને હોય છે, ચાવી આપે છે ત્યારે એક ખીલો ફરે છે, અને તેની આસપાસ કમાન વીંટાય છે. પછી તે ધીમે ધીમે ઉકલતી જાય છે તેમ સર્વ ચક્રોને ગતિ મળે છે. કમાન પુરી ઉકલી રહે એટલે ઘડિઆળ બંધ પડી જાય છે, એટલે પાછી ફરીને ચાવી આપવામાં આવે છે.

પ્ર૦ ઘડીઆળોની કીંમત કેટલી હશે?

ઉ૦ હલકાં ઘડિઆળો રૂપીઆથી માંડીને ભારે ઘડિઆળો ૧૦૦૦—૨૦૦૦ રૂપિઆના હોય છે. ઘડિઆળની અંદરની યંત્રરચના જેમ વધારે

તેમ તેની કીંમત વધારે હોય છે. ટેબલ ઉપર મુકવાના ઘડિઆળના ડબા ઘણા સસ્તા છે. ખીસ્સા ઘડિઆળો પણ સસ્તાં હોય છે અને સારી ઉંચી જાતનાં ઘડિઆળો મોંઘા હોય છે. દીવાલ ઉપર ચોઢવાનાં અને ટાવર તરીકે મુકવાનાં બહુ ભારે હોય છે.

પ્ર૦ ઘડિઆળની કેટલીક જાતો કહો ?

ઉ૦ રૅાસ્કોપ પેટન્ટ, રૅાસ્કોપ સીસ્ટમ, વેસ્ટર્ન, વગેરે.

પ્ર૦ ઘડિઆળની બનાવટથી શા શા લાભ થાય છે ?

ઉ૦ વખત પ્રમાણે કામ કરવાનું સુગમ પડે છે. વખત નકામો જતો નથી. ટાઇમ પ્રમાણે ચાલતી ગાડીઓમાં, કારખાનામાં, કચેરીઓમાં વગેરે સ્થળે જ્યાં જવું હોય ત્યાં બરાબર વખતસર જઇ શકાય છે.

પાઠ ૨૫ મો. ત્રાજવું.

પ્ર૦ ત્રાજવાનો ઉપયોગ શો છે ?

ઉ૦ વ્યવહારમાં વસ્તુઓની લેવડદેવડ કરવામાં ગણતરી કે વજન કરવામાં આવે છે. તોળીને આપવા લેવાની વસ્તુઓ ત્રાજવાવડે તોળવામાં આવે છે.

પ્ર૦ ત્રાજવાંની રચના સમજાવો ?

ઉ૦ એક લાકડાની ગોળ દાંડી હોય છે, તેના મધ્ય ભાગમાં કાણું પાડી નાથણું બાંધે છે ને બન્ને છેડે સરખે અંતરે કાણાં પાડી તેમાં પાંગરા બાંધી નીચે લોઢાના, પિત્તળનાં કે ચામડાનાં છાબડાં લટકાવે છે, પછી એકમાં વસ્તુ ને બીજામાં વજન મુકી તોળાય છે.

પ્ર૦ કયાં ત્રાજવાં ખાધ વગરનાં કહેવાય ?

ઉ૦ ત્રાજવામાં દાંડી ખરી હોય તે ત્રાજવું સાચું કહેવાય. દાંડીના

બરાબર મધ્ય ભાગમાં કાણું પડાવેલું હોય ત્યારે ખાધ રહેતી નથી. વળી દાંડીને છેડે પાંગરા બાંધવા માટે પાડેલાં કાણાં પણ વચ્ચેના નાથથી સરખે અંતરે રહેવા જોઇએ.

પ્ર૦ ત્રાજવામાં ખાધ શાથી થાય છે ?

ઉ૦ દાંડીના નાથણાનું સ્થાન બરાબર મધ્યમાં ન હોતાં સહેજ પણ આઘુંપાછું હોય ત્યારે દાંડીમાં ખાધ આવે છે. વળી કદાચ નાથણું બરાબર હોય અને પાંગરાં ઘાલવાનું કાણું નાથણાથી સરખે અંતરે ન હોય તો પણ દાંડીમાં ખાધ આવે છે.

પ્ર૦ ત્રાજવામાં ધડો થવાનાં કારણો કહો.

ઉ૦ બંને છાબડાનાં વજન સરખાં ન હોય, અથવા પાંગરા હલકા ભારે હોય ત્યારે ધડો થાય છે, તેમજ દાંડીમાં ખાધ હોય તોપણ ત્રાજવાં ઉપાડી જોતાં ધડો માલમ પડે છે.

પ્ર૦ ધડાવાળાં ત્રાજવાં હોય ત્યારે માલ લેનારે તથા આપનારે શી તજવીજ કરવી ?

ઉ૦ પાંગરા અગર છાબડાંને લીધે ધડો થયો હોય ત્યારે તો ત્રાજવાં ઉપાડી જોઇ ઉંચા જતાં છાબડામાં કંઇક વજન મૂકી સમતોલ કરવું પછી જોખવાની વસ્તુ જોખવાથી ફેર પડશે નહિ. પરંતુ દાંડી ખાધવાળી હોય ત્યારે તો ધડો કર્યા છતાં બરાબર જોખી શકાશે નહિ. વેપારી લોકો ખાધવાળી દાંડી હોય ત્યારે ઉંચા જતા પલ્લામાં કંઇ વજન કરી સમતોલ કરે છે, અને પછી એજ પલ્લામાં કાટલાં મૂકે છે, આમ કરવાથી ઘરાક છેતરાય છે. માટે માલ લેનારે દાંડી ખોટી છે એમ શંકા પડે તો ધડાવાળા છાબડામાંજ વજન જોખાવવું. આમ કરવાથી ઉલટો વેપારી છેતરાશે.

કેટલીક વખત લેનારદેનારને નુકશાન ન થાય માટે ત્રાજવાં ફેરવવામાં આવે છે. પણ યાદ રાખવું કે છાબડાં કે પાંગરાથી ધડો થયો હોય ત્યારે તો ફેરવવાથી કોઇને નફો નુકસાન થતું નથી; પરંતુ દાંડીમાં ખાધ હોય ત્યારે તો ત્રાજવાં ફેરવવાથી પણ અવશ્ય ઘરાકને લાભ થાય છે.

પ્ર૦ દોઢ દાંડીનું ત્રાજવું કોને કહેવું ?

ઉ૦ ખાધવાળી દાંડીવાળાં ત્રાજવાંને દોઢ દાંડીનું ત્રાજવું કહે છે. ઘણાક એમ માને છે કે દોઢ દાંડીનું ત્રાજવું હોય ત્યારે ત્રાજવાં ફેરવવાથી બરાબર જોખાય પરંતુ એ ધારવું ભૂલભરેલું છે.

પ્ર૦ મોંઘી વસ્તુઓ શેનાથી તોળાય છે ?

ઉ૦ સોનું રૂપું, કેસર, કસ્તુરી, અમ્બર, અત્તર વગેરે ઘણીક મોંઘી વસ્તુઓ તોળવાને નાનાં પીત્તળનાં કે લોઢાના કાંટા હોય છે, તેમાં એક રજ જેટલો ભાર ઓછો વધતો હોય તો જણાઇ આવે છે. તોપણ અજ્ઞાન લોકોને તેમાં સમજ પડે નહિ અને વહેમ પડે તો મોટાં શાહેરોનાં ધર્માદા કાંટા હોય છે, ત્યાં દસ્તુર મુજબ આપીને તોળવવાથી જરા પણ કસર રહેતી નથી.

પ્ર૦ કંસારા લોકો પોતાનાં ત્રાજવામાં શું ખુબી રાખે છે ?

ઉ૦ કંસારા લોકો ત્રાજવાની નીચે દોરાના ગાળા આવે તેમ કરી પાંગરા બાંધે છે, પછી વાસણ તોળતી વખતે જેમાં વાસણ મુકવાનું છે તે ત્રાજવાની નીચેની દોરીના ગાળામાં કંઇક કાટલું મુકી દે છે, તેથી તે વાસણ કાટલા જેટલું તોલમાં વધારે થઇ તેની વધારે કીમત આપણી પાસેથી લે છે. ચાલાક માણસોએ એવા લુચ્ચાઓને પકડીને શિક્ષા કરાવવી જોઇએ.

પુરવણી.

પ્ર૦ હવામાં પાણીની વરાળ છે તેની સાબીતી શી ?

ઉ૦ એક સ્વચ્છ કાચના પ્યાલામાં બરફના ગાંગડા ભરવાથી તેની ઠંડકથી પ્યાલાનું પૃષ્ઠ ઠંડું પડી જઇ બહારના વાતાવરણમાંની વરાળનું ઘટ સ્વરૂપ થઈ પ્યાલાની બહાર પાણીનાં ટીપાં બાઝેલાં જણાશે.

પ્ર૦ મીણબત્તી સળગતી હોય છે તેના ઉપર કાચનો પ્યાલો ઢાંકી દઇએ છીએ તોપણ દીવો ઝટ ન હોલવાતાં થોડો વખત બળે છે તેનું કારણ શું ?

ઉ૦ પ્યાલામાં ઘેરાયલા વાતાવરણમાં જ્યાં સુધી વાયુ હોય છે ત્યાં સુધી દીવો બળી શકે છે. બળવામાં મદદ કરનારો વાયુ ખપી જાય છે કે તરતજ દીવો હોલવાઇ જાય છે.

પ્ર૦ મીઠાનો સ્વાદ ખારો છે તથાપિ તેને મીઠું (સ્વાદિષ્ટ—ગળ્યું) શાથી કહેવામાં આવે છે ?

ઉ૦ રાંધવાના પદાર્થોમાં મીઠું નાખવાથી તે સ્વાદિષ્ટ થાય છે માટે.

પ્ર૦ મીઠું ખાવાની જરૂર શી ?

ઉ૦ લોહીને સ્વચ્છ કરે છે, તથા તે હાડકાનું બંધારણ છે. માટે તેની જરૂર છે.

પ્ર૦ બંને જાતના ગંધકમાં મોંઘો ક્યો ?

ઉ૦ આમલસારો.

પ્ર૦ એ ક્યાં મળે ?

ઉ૦ એનો ઇજારો હોય છે માટે ઇજારો રાખનાર કોઈ ગાંધી કે લોટીઆ વહોરાને ત્યાં મળે.

પ્ર૦ ગંધક શું ભાવે મળતો હશે ?

ઉ૦ શુમારે દશ બાર આને શેર.

પ્ર૦ કાચ એ પહેલદાર વસ્તુ કેમ નહિ ?

ઉ૦ કાચના કકડાને અફાળીને ત્યાગી નાખવામાં આવે છે ત્યારે તેના અમુકજ આકારના કકડા થતા નથી, પણ અનિયમિત આકારની કરચો થઇ જાય છે.

પ્ર૦ ભરત લોઢામાં કોલસાનું પ્રમાણ કેટલું હોય છે ?

ઉ૦ સેંકડે ત્રણ ચાર ટકા.

પ્ર૦ ઘડતરમાં કાર્બન કેટલો હોય છે !

ઉ૦ સેંકડે ૧૫ ટકા હોય છે.

પ્ર૦ પોલાદમાં ખાસ ગુણ કયો છે ?

ઉ૦ ધાર આવી શકે છે, ઓપ ચઢી શકે છે, અને સખત છે.

પ્ર૦ ઈંદ્રિય એટલે શું ?

ઉ૦ શરીરનું અતિ ઉપયોગી અંગ.

પ્ર૦ ખેરના ઝાડમાંથી કયો પદાર્થ નીકળે છે ?

ઉ૦ ખેરી ગુંદર નીકળે છે જે વસાણામાં ઘણો વપરાય છે.

પ્ર૦ ઘઉં કાળી જમીનમાંજ કેમ નીપજતા હશે ?

ઉ૦ ઘઉંના પાકને ભેજ ઘણો જોઇએ. અને કાળી જમીનમાં ભેજ ઘણો ટકી રહે છે માટે.

પ્ર૦ એ પાક શિયાળામાંજ કેમ નીપજે છે ?

ઉ૦ એ ઋતુમાં હવા સુકી હોય છે તેથી એને ગેરૂ અંગારીઓ વ-ગેરે રોગ લાગુ પડવા પામતા નથી.

પ્ર૦ સર્વ અનાજમાં શ્રેષ્ઠ કયું ?

ઉ૦ ઘઉં.

પ્ર૦ શાથી ?

ઉ૦ એ અનાજના લોટની જાતજાતની વાનીઓ બને છે, અને દુનીઆના ઘણા દેશોમાં તે નીપજી શકે છે.

પ્ર૦ અનાજના છોડ સિવાય બીજી કીંમતી અને સૌથી બહુ ઉપયોગની વનસ્પતિ કઇ ?

ઉ૦ કપાસનો છોડ.

પ્ર૦ કેમ ?

ઉ૦ એમાંથી કપાસ ઉત્પન્ન થાય છે. જેમાંથી રૂ કાઢી કપડાં વણવામાં આવે છે, અર્થાત્ તે દુનીઆનું ઢાંકણ છે માટે.

પ્ર૦ સર્વથી બહુ ઉપયોગી ધાતુ કઇ ?

ઉ૦ લોઢું.

પ્ર૦ કેમ ?

ઉ૦ ખેતીનાં સઘળાં ઓજારોમાં એ ધાતુજ વપરાય છે અને ખેતી ઉપરજ દુનીઆનો આધાર છે.

પ્ર૦ દુનીઆમાં સર્વોત્તમ પ્રાણી કયું ?

ઉ૦ ગાય.

પ્ર૦ કેમ ?

ઉ૦ તે દુધ, દહિં, ઘી, માખણ, છાશ વગેરે કીંમતી અને અતિ ઉપયોગી પદાર્થો પૂરા પાડવા ઉપરાંત ખેતીના કામમાં અતી ઉપયોગી એવા બળદનો જન્મ આપે છે માટે.

પ્ર૦ સર્વથી સુંદર અને પસંદ કરવા યોગ્ય ઋતુ કઇ ?

ઉ૦ ચોમાસું.

પ્ર૦ કેમ ?

ઉ૦ ચોમાસામાં વરસાદ વરસે છે, અને વરસાદ ઉપરજ ખેતીનો આધાર છે, માટે કહેવત છે કે " ચાર સુધરે તો બાર સુધરે અને

ચાર બગડે તો બાર બગડે " એટલે ચોમાસાના ચાર માસ સુધરે તો આખું વરસ સુધરે અને એથી ઉલટું ચોમાસાના ચાર બગડે અર્થાત્ વરસાદ ન આવે તો આખું વર્ષ બગડે—દુકાળ પડે.

પ્ર૦ પક્ષી અને જંતુવર્ગ વચ્ચે ભેદ શો ?

ઉ૦ પક્ષીના જીવનની બે અવસ્થા છે, અને જંતુવર્ગનાં પ્રાણીઓના જીવનની ચાર અવસ્થા છે.

પ્ર૦ સમડી અને ગીધ એ પ્રાણીઓ માણસ જાતને શા ઉપયોગનાં ?

ઉ૦ સાપ, ઉંદર વગેરે મનુષ્યજાતને ઉપદ્રવ કરનારાં પ્રાણીઓનો શિકાર સમડી કરે છે; અને મરેલાં કહોવાતાં પ્રાણીઓને ગીધ ફોલી ખાય છે. તેથી દુર્ગંધીનો નાશ થાય છે અને હવા બગડતી નથી.

પ્ર૦ સસલાને તેની ભારે પુંછડીનો ઉપયોગ શો ?

ઉ૦ મોટી મોટી ફાળો મારતી વખતે શરીર સમતોલ રાખવામાં તે કામની છે.

પ્ર૦ કુતરો, વરૂ, શિયાળ, અને લોંકડી એ ચારે પ્રાણીઓને એકેક આગળ પડતો ગુણ કહો.

ઉ૦ કુતરાની જાત ખારીલી છે, વરૂ એ ચારેમાં વધારે વિકાળ છે, શિયાળ લુચ્ચું પ્રાણી ગણાય છે; અને લોંકડી પણ લુચ્ચું પ્રાણી છે.

પ્ર૦ " બિલાડીનાં સગાં " એટલે શું ?

ઉ૦ દેખાવમાં મળતાં આવતાં પ્રાણી.

પ્ર૦ બિલાડી, વાઘ, સિંહ, અને દીપડા એ પ્રાણીઓનો આગળ પડતો એકેક ગુણ કહો.

ઉ૦ સિંહ આળસુ છે: વાઘ શિકારથી તૃપ્ત થતો નથી, દીપડા વાઘની પેઠે ચંચળ છે, અને બિલાડી વફાદાર નથી—અથવા વિશ્વાસનું પાત્ર નથી.

પ્ર૦ શરીરનાં કેટલાં હાડકાં છે ?

ઉ૦ શુમારે ૨૫૦.

પ્ર૦ ચામડાની કીંમત શાના ઉપર આધાર રાખે છે?

ઉ૦ ટકાઉપણા ઉપર અને તેની સફાઇ સુંદરતા ઉપર.

પ્ર૦ શિયાળામાં ઉનનાં કપડાં પસંદ કરવાનું શું કારણ?

ઉ૦ ઉનનાં કપડાં જાતે ગરમ નથી, પણ શરીરની ગરમીને બહાર નીકળી જવા દેતાં નથી. અર્થાત ગરમી ટકાવી રાખવાના ગુણવાળાં છે.

પ્ર૦ ઘડિઆળ કેટલાક સમયથી વપરાતું હશે?

ઉ૦ યુરોપી લોકોના પરિચયમાં આવ્યા પછી.

પ્ર૦ વેપારી ક્યારે પોતેજ છેતરાય છે?

ઉ૦ ખોટી દાંડીવાળાં ત્રાજવાં વડે જોખતાં ટુંકી દાંડી તરફના પલ્લામાં વજન મૂકે અથવા ત્રાજવું ફેરવીને અર્ધું અર્ધું જોખે તેમાં પોતે છેતરાય.

પ્ર૦ ૪ ઉપર ૨૦ મિનિટ થઇ છે તો કયા કયા અંક ઉપર હશે?

ઉ૦ કલાક કાંટો IIII પછી અને મિનિટ કાંટો IIII ઉપર,

પ્ર૦ દશમાં વીશ કમ છે તો કાંટા ક્યાં ક્યાં હશે?

ઉ૦ કલાક કાંટો IX પછી અને મિનિટ કાંટો VIII ઉપર.

સમાપ્ત.

શ્રીમંત ગુણાનુવાદ.

નૃપ સયાજી શુભ ગુણવંતા (૨)   ટેક.

સુંદર તન અતિશય સુખકારી,
નિર્મળ ક્રાન્તિ અધીક મનહારી;
મંદહાસ્ય મુખ પદ્મ વિલસતું,
શબ્દ સુધારસ ઝરતા,   નૃપ સયાજી૦ ૧

ઉર વિશાળ કર દીર્ઘ દયાળા,
ભુપ રૂપ ગુણવંતા ભાળ્યા;
જ્ઞાનવાન મતિમાન મહીપતિ,
દેશ દાઝ દિલ ધરતા.   નૃપ સયાજી૦ ૨

કર કમલે કમલા છલકાતી,
મુખ કમલ સન્નીતિ ઉભરાતી.
સન્નીતિ ઉર વસતી નિરંશ વાસ,
પર દુઃખ નિત્ય પરહરતા.   નૃપ સયાજી૦ ૩

પ્રજા ગણી નિજ પ્રજા બરાબર,
પ્રતિદિન પ્રતિ પાલનમાં તત્પર;
જ્ઞાન દાન દઇ સુમતિ સુઝાડે,
દીર્ઘ જીવો જશવંતા.   નૃપ સયાજી૦ ૪

સૂચના.

અમારે ત્યાંથી આ રાજ્યની શાળાઓમાં ચાલતી ગુજરાતી, [illegible] વિગેરે તમામ પુસ્તકો તથા સ્ટેશનરી સામાન મળે છે. જથ્થાબંધ લેનારને સારું કમીશન આપવામાં આવશે. બહારગામના ઓર્ડર૫ર પુરતું ધ્યાન આપવામાં આવશે.

અમારા તરફથી પ્રગટ થએલાં પુસ્તકો.

	કિંમત રૂ. આ. પા.
૧. ગુ. બીજા ધોરણની નોટ. (આ રાજ્યના નવા ધોરણ પ્રમાણે તમામ વિષયો સાથે)	૦—૩—૦
૨. ગુ. ત્રીજા ધોરણની નોટ.	૦—૫—૦
૩. ગુ. ચોથા ધોરણની નોટ,	૦—૬—૦
૪. ગુ. પાંચમા ધોરણની નોટ	૦—૧૦—૦
૫. ગુ. છઠ્ઠા ,, ,,	૦—૧૨—૦
૬. હિન્દી આંકઅક્ષર તથા શિક્ષાવળી ભાગ ૧ લાના અર્થ તરજુમા સહિત.	૦—૩—૬
૭. હિન્દીશિક્ષાવલી ભાગ ૨ જાના અર્થ તરજુમા સહિત	૦—૪—૦
૮. પ્રશ્નોત્તરરૂપે સૃષ્ટિજ્ઞાન ધો. ૧ લું. આવૃત્તિ ૧ લી	૦—૧—૦
૯. ,, ,, ,, ૨ જું. ,, ૩ જી	૦—૧—૦
૧૦. ,, ,, ,, ૩ જું. ,, ૩ જી	૦—૨—૦
૧૧. ,, ,, ,, ૪ થું. ,, ૩ જી	૦—૨—૦
૧૨. ,, ,, ,, ૫ મું. ,, ૩ જી	૦—૨—૦
૧૩. ,, ,, ,, ૬ ઠું. ,, ૨ જી	૦—૨—૦
૧૪. ,, ,, ,, ૭ મું. ,, ૧ લી	૦—૪—૦
૧૫. પ્રશ્નોત્તરરૂપે વડોદરા રાજ્યનો સરળ ઇતિહાસ.	૦—[illegible]—૦
૧૬. ભરતખંડનો પ્રશ્નોત્તરરૂપે સરળ ઇતિહાસ ધો. ૫ માટે	૦—૨—૦
૧૭. ,, ,, ,, ધો. ૬ માટે	૦—૩—૦
૧૮. પ્રશ્નોત્તરરૂપે નાગરિકના ધર્મ તથા આરોગ્યવિદ્યા	૦—૩—૦

પત્રવ્યવહાર નીચેના સિરનામે કરવો:—

મણીલાલ મૂળજીભાઈ ઉપાધ્યાય.
બુકસેલર એન્ડ પબ્લીશર.
મુ. પેટલાદ—તાબા આણંદ.